RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 27-07-2026 I VOL : 12 I Issue : 132 I Page : 8 I Price : 1.00/-


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

સમયનો સદુપયોગ જીવન બદલી શકે છે. મુશ્કેલી જેટલી મોટી, જીત એટલી મીઠી.

3  છાયણમાં જીઆઈડીસી સામે ગ્રામજનોનો ઉગ્ર વિરોધ : "વિકાસના નામે ખેડૂતોનો...

4  રાઉન્ડ લેવલના નેતાથી લઈને શિક્ષણ મંત્રી સુધીની સફળ સફર...

6  આમિર ખાનના ત્રીજા લગ્ન પર હિના ખાનની ટિપ્પણીથી મચ્યો વિવાદ

7  ICC T20 રેન્કિંગમાં ભારત ફરી નંબર-1, ઝિમ્બાબ્વે સામે...

## એક નજર...

### લાઈટ પિંક સાડી અને ડીપનેક બ્લાઉઝમાં હોટ લાગી મેઘા શુક્લા



અભિનેત્રી સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે અને અવારનવાર તેની કિલર તસવીરો શેર કરીને ચાહકોને દિવાના બનાવે છે. હાલમાં જ, મેઘા શુક્લાએ બોલ્ડ પોઝ આપતી તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે, જેણે ઈન્ટરનેટ પર હલચલ મચાવી દીધી છે.આ તસવીરોમાં તેનો બોલ્ડ અને હોટ અંદાજ જોઈને ચાહકો ચોંકી ગયા છે.

## NEWS TRACK

### બ્લેક સીમાં કોમર્શિયલ જહાજ પર ફરી હુમલો : 2 ભારતીય નાવિકો ગુમ

યુક્રેનના ઓડેસા બંદરગાહ પર એક વેપારી જહાજ પર ફરી ભયાનક હુમલો થયો છે. 'MV AGN Ragnar' નામના આ જહાજ પર 4 ભારતીય નાગરિકો સવાર હતા. કીવ સ્થિત ભારતીય દૂતાવાસના જણાવ્યા મુજબ, 2 ભારતીયો સુરક્ષિત છે, જ્યારે ગુમ થયેલા અન્ય 2 નાવિકોની શોધખોળ માટે રેસ્ક્યૂ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. અઠવાડિયાની અંદર ભારતીય નાવિકો સાથે જોડાયેલી આ બીજી મોટી ઘટના છે. એક અઠવાડિયામાં જહાજ પર બીજો હુમલો યુક્રેનનું સૌથી મોટું ઓડેસા બંદરગાહ સતત મિલાઈલ અને ડ્રોન હુમલાનો ભોગ બની રહ્યું છે. થોડા દિવસો પહેલા જ અહીંથી રવાના થયેલા 'MV Golden Leo' જહાજ પર હુમલો થયો હતો. 17 ક્રૂ મેમ્બર્સમાંથી 5 ભારતીયો હતા, જેમાં 4 ભારતીય નાવિકોના મોત થયા હતા અને 1 ગંભીર રીતે ઘાયલ થયો હતો. સતત વધી રહેલા હુમલાઓ સામે ભારત સરકારે કડક વલણ અપનાવ્યું છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે, 'નિર્દોષ નાગરિક નાવિકોનો જીવ જોખમમાં મૂકવો અને આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપારને અસર પહોંચાડવી સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે.'

### અગનભઠ્ઠી બનશે અમેરિકા! 7 કરોડ લોકો પર ત્રીજા ભીષણ 'હીટ ડોમ'નું જોખમ, રેકોર્ડ તોડશે તાપમાન

અમેરિકાના દક્ષિણ અને મધ્ય રાજ્યોમાં ભયાનક ગરમીના કારણે લગભગ 70 મિલિયન (7 કરોડ) લોકો માટે 'એક્સિટન્સિવ હીટ એડવાઈઝરી' (અતિશય ગરમીની ચેતવણી) જાહેર કરવામાં આવી છે. અહીં તાપમાન 95-105F (35-40C) સુધી પહોંચવાની શક્યતા છે. છેલ્લા એક મહિનામાં અમેરિકામાં આ ત્રીજી મોટી 'હીટ ડોમ' (Heat Dome) ઘટના છે, જે વીકેન્ડ દરમિયાન વધુ મજબૂત બની રહી છે. તે મેક્સિકોના અખાતથી લઈને ગ્રેટ પ્લેઈન્સ અને મિડવેસ્ટ સુધીના વિશાળ વિસ્તારને આવરી લે છે. દક્ષિણ-પશ્ચિમ અમેરિકાના રણ પ્રદેશોમાં તાપમાન 120F (48C) સુધી પહોંચી શકે છે. હીટ ડોમ એક ઉચ્ચ-દબાણવાળી વાતાવરણીય સિસ્ટમ છે, જે ઢાંકણની જેમ કામ કરે છે, અને ગરમીને દિવસો કે, અઠવાડિયા સુધી એક જ જગ્યાએ જકડી રાખે છે, જેના કારણે આગામી સપ્તાહમાં પણ આ ગરમી યથાવત રહેવાની ધારણાં છે. ઉનાળામાં હીટવેવ સામાન્ય છે, પરંતુ માનવસર્જિત વાતાવરણના ફેરફારને કારણે આવી ઘટનાઓની તીવ્રતા વધતી જાય છે.

# ગુજરાત, મહારાષ્ટ્ર-ઓડિશામાં વરસાદનું રેડ એલર્ટ અપાયું

## આસામમાં પૂરથી 7 લાખ લોકો પ્રભાવિત, 66નાં મોત, અનેક લોકો બેઘર બન્યા



નવી દિલ્હી

હવામાન વિભાગનું કહેવું છે કે બંગાળની ખાડીમાં બનેલા લો પ્રેશર અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી ગુજરાત, બંગાળ, ઓડિશા, મહારાષ્ટ્ર અને પૂર્વોત્તરના રાજ્યોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. પરંતુ આ વરસાદ હજુ પણ સામાન્ય કરતાં 16.1% ઓછો છે. ઉત્તર ભારતમાં 31 જુલાઈ સુધી વરસાદનો દોર ચાલુ રહેશે. હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ અને ઉત્તરાખંડમાં ભારે વરસાદની સંભાવના છે. હિમાચલ, ઉત્તરાખંડ, પંજાબ સહિત ઘણા રાજ્યોમાં ભારે વરસાદ થશે.

આ તરફ, આસામમાં પૂરની સ્થિતિ હજુ પણ ગંભીર છે. અત્યાર સુધીમાં 66 લોકોના મોત થયા છે. 7 લાખથી વધુ લોકો હજુ પણ પૂરથી પ્રભાવિત છે. હિમાચલ પ્રદેશમાં સતત થઈ રહેલા ભારે વરસાદ, ભૂસ્ખલન અને અચાનક આવેલા પૂરને કારણે 134 રસ્તાઓ બંધ છે. 4 જિલ્લામાં વરસાદનું ઓરેન્જ એલર્ટ છે. જ્યારે, બિહારના 17 જિલ્લામાં યલો એલર્ટ છે. આ જિલ્લાઓમાં 40-50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

# પેપર લીક વિરુદ્ધ આજે નવું બિલ આવી શકે છે

## તપાસ માટે 2 મહિના મળશે; 10 વર્ષની જેલ અને ₹5-10 કરોડ સુધીના દંડની જોગવાઈ

નવી દિલ્હી

કેન્દ્ર સરકાર પેપર લીક રોકવા માટે પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એક્ટ, 2024 માં સુધારો કરવા જઈ રહી છે. પીએમ નરેન્દ્ર મોદીના આશ્વાસન બાદ સરકાર સોમવારે લોકસભામાં નવું બિલ રજૂ કરી શકે છે. તેમાં સજા અને દંડની જોગવાઈઓને વધુ કડક કરવામાં આવી છે. સંગઠિત અપરાધ પર 10 કરોડનો દંડ પેપર લીક સાથે સંકળાયેલા સંગઠિત અપરાધો માટે ઓછામાં ઓછી 7 વર્ષ અને વધુમાં વધુ 10 વર્ષની જેલની જોગવાઈ છે. તેમાં 10 કરોડ રૂપિયા સુધીનો દંડ પણ લગાવી શકાય છે. કર્મચારી અને તાલીમ વિભાગના કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહ સોમવારે આ બિલ લોકસભામાં રજૂ કરશે. બિલમાં બે નવી કલમો 12A અને 12B ઉમેરવામાં આવી છે. આ અંતર્ગત કેન્દ્ર સરકાર એક સ્પેશિયલ ટાસ્ક ફોર્સની રચના કરી શકશે. કેન્દ્રીય તપાસ એજન્સી અથવા SITને કેન્દ્ર સરકાર દ્વારા કેસ સોંપવામાં આવ્યાના 2 મહિનાની અંદર તપાસ પૂરી કરવી પડશે. ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા દરરોજ સુનાવણી થશે. રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશો હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશની સલાહથી સ્પેશિયલ ફાસ્ટ ટ્રેક કોર્ટ નિયુક્ત કરશે.

# વિકસિત વાઈબ્રન્ટ વિલેજ કાર્યક્રમના સહભાગીઓ સાથે PM મોદીનો સંવાદ

## ચીન સરહદને અડીને આવેલા 74 ગામો ફરીને પાછા ફરેલા 400 યુવાનોએ ઉત્તરાખંડ-હિમાચલ-લદ્દાખના અનુભવો જણાવ્યા

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી 26 જુલાઈએ સાંજે 4:30 વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વિકસિત વાઈબ્રન્ટ વિલેજ કાર્યક્રમ 2026ના સહભાગીઓ સાથે વાતચીત કરી. આ 400 યુવાનો ભારતનાં સરહદી વિસ્તારોમાં આવેલાં 74 ગામોની મુલાકાત લઈને પાછા ફર્યા છે. આ ઈવેન્ટનો હેતુ સરહદી વિસ્તારોમાં આવેલાં ગામડાઓને વિકાસના મુખ્ય પ્રવાહ સાથે જોડવાનો છે, જેથી યુવાનોને ભારતની આંતરરાષ્ટ્રીય સરહદને અડીને આવેલા વિસ્તારોનું સામાજિક, સાંસ્કૃતિક અને વ્યૂહાત્મક મહત્વ સમજાવી શકાય. આ કાર્યક્રમ માય ભારત દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. પીએમ મોદીએ કહ્યું હતું કે દેશના સરહદી વિસ્તારોમાં આવેલાં ગામડાઓ છેલ્લા નહીં, પરંતુ પ્રથમ ગામડાં છે. આ વર્ષનું વિકસિત વાઈબ્રન્ટ વિલેજ ઈવેન્ટ 4 જૂનથી 30 જૂન સુધી બે તબક્કામાં યોજવામાં આવ્યું હતું. આ અંતર્ગત લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના 74 વાઈબ્રન્ટ બોર્ડર ગામોને સામેલ કરવામાં આવ્યા. દેશભરના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 400થી વધુ યુવાનોની પસંદગી નેશનલ લેવલ પર ઓનલાઈન ક્વિઝ દ્વારા થઈ હતી. તેમાં ત્રણ લાખથી વધુ લોકોએ ભાગ લીધો હતો.

# 2028ની વિધાનસભા ચૂંટણી નહીં લડું: સિદ્ધારમૈયા

મૈસુર

કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી અને વરિષ્ઠ કોંગ્રેસ નેતા સિદ્ધારમૈયાએ કહ્યું છે કે તેઓ 2028ની વિધાનસભા ચૂંટણી નહીં લડે. જોકે, તેઓ રાજકારણમાં સક્રિય રહેશે અને જનતાના મુદ્દા ઉઠાવતા રહેશે. તેમણે શનિવારે મંડ્યા જિલ્લાના કે.આર. પેટમાં આયોજિત એક કાર્યક્રમમાં કહ્યું- રાજકારણ હવે સંપૂર્ણપણે ભ્રષ્ટ થઈ ગયું છે અને પ્રામાણિક રાજકારણ માટે કોઈ જગ્યા બચી નથી. સિદ્ધારમૈયાએ કહ્યું- હું હવે 79 વર્ષનો થઈ ગયો છું. અમારી સરકારનો કાર્યકાળ હજુ લગભગ દોઢ વર્ષ બાકી છે. ત્યાં સુધીમાં મારી ઉંમર 81-82 વર્ષ થઈ જશે. મારું સ્વાસ્થ્ય પહેલા જેવું મજબૂત રહ્યું નથી. હવે પહેલાં જેવા ઉત્સાહ સાથે કામ કરવું શક્ય નથી. સિદ્ધારમૈયાનું આ નિવેદન તેમના CM પદ છોડ્યાના બે મહિના પછી આવ્યું છે.

# ખાખીનો ખોફ ખાખ, ખાખી જ ભ્રષ્ટ! તાપી-વ્યારામાં LCB ASI બિપિન ચૌધરી અને બુટલેગરોની 'ડોંગરી સિન્ડિકેટ'નો ધડાકો

## 10 વર્ષથી જમાવેલો અડ્ડો, મહિને કરોડોનું ઉઘરાણું અને બુટલેગરોના ટુકડા પર બેંગકોક-દુબઈના જલસા! રેન્જ IG સુધી પહોંચી ફરિયાદ: હવે ACBની એન્ટ્રી થતાં ભૂકંપ સર્જાશે?

તાપી-વ્યારા (વિશેષ પ્રતિનિધિ)

ગાંધીના ગુજરાતમાં કાગળ પર ચાલતી દારૂબંધીના નામે જનતાને મૂર્ખ બનાવતા ભ્રષ્ટ તંત્રનો સૌથી ભયાનક અને કાળો ચહેરો તાપી-વ્યારા જિલ્લામાં ખુલ્લો પડ્યો છે. *'પાક્કો ગુજરાત ન્યૂઝ'*ના ધમાકેદાર ગ્રાઉન્ડ રિપોર્ટમાં એવો મોટો સણસણતો પર્દાફાશ થયો છે, જેણે ગાંધીનગરના ગૃહ વિભાગથી લઈને રેન્જ આઈજીની કચેરી સુધી ધ્રુજારી લાવી દીધી છે. તાપી જિલ્લાને ભ્રષ્ટ પોલીસ અધિકારીઓ અને બુટલેગરોએ ભેગા મળીને હપ્તાખોરી અને કાળા કારોબારનો 'અડ્ડો' બનાવી દીધો છે.

### LCB ASI બિપિન ચૌધરી: 10 વર્ષથી એક જ અડ્ડા પર 'સલ્તનત', મહિને 60-70 લાખના હપ્તા!

આ આખી ભ્રષ્ટ શ્રૃંખલાનો મુખ્ય સૂત્રધાર અને એસપીના અત્યંત 'લાડકા' મનાતા એલસીબીના ASI બિપિન ચૌધરી છેલ્લા ૧૦ વર્ષથી એક જ જિલ્લામાં પોતાની જમીન જમાવીને બેઠા છે. સરકારી નિયમો મુજબ થતી બદલીઓના કાયદા આ સાહેબ માટે રદ થઈ ગયા હોય તેમ તેઓ બિન્દાસ્તપણે રાજ ચલાવી રહ્યા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, તાપી જિલ્લામાંથી પસાર થતાં દારૂના કન્ટેનરો અને ગેરકાયદે ચાલતી કેમિકલયુક્ત દેશી દારૂની ભઠ્ઠીઓમાંથી મહિને કરોડો રૂપિયાનું ઉઘરાણું થાય છે. સંજુ દાઢી, હેમંત બેટરી, વિજય સાયન, નીતિન અને રૂસ્તમ સોનગઢ જેવા નામાંકિત બુટલેગરો પાસેથી મહિને ૬૦ થી ૭૦ લાખ રૂપિયાનો હપ્તાનો ખેલ ચાલે છે. સુરત સુધી દારૂ પહોંચાડવા માટે ખુદ પોલીસનું રોડ-પેટ્રોલિંગ આ



**વહીવટદાર બિપિન ચૌધરી**

બુટલેગરોના કન્ટેનરોને 'સ્પેશિયલ પ્રોટેક્શન' આપે છે!

### દારૂના કાળા નાણાં પર 'બેંગકોક-દુબઈ'ના જલસા!

અત્યાર સુધી ૧૦ દિવસના આલીશાન દુબઈ પ્રવાસ અંગે સવાલો ઉઠતા હતા, પરંતુ હવે મોટો ખુલાસો થયો છે કે આ મહાશય બેંગકોક ફરવા પણ ગયા છે! અને આ પહેલીવાર નથી–અગાઉ પણ બેંગકોકના આલીશાન પ્રવાસો કરી ચૂક્યા છે!

સૌથી મોટો સવાલ: એક સામાન્ય એએસઆઈ કક્ષાના કર્મચારી પાસે બેંગકોક અને દુબઈના મોંઘાદાટ પ્રવાસો કરવાનો પૈસો ક્યાંથી આવ્યો? શું આ વિદેશી સેર બુટલેગરોની 'કાલી કમાણી'થી સ્પોન્સર કરવામાં આવી હતી?

### એસપી જશુ દેસાઈની 'મને કંઈ ખબર નથી' શૈલી અને LCB PIનું ભેદભ્રમ મૌન

જ્યારે આ મામલે 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા તાપી જિલ્લા પોલીસ વડા (SP) જશુ દેસાઈનો સંપર્ક કરાયો, ત્યારે તેમણે 'મને કંઈ ખબર નથી, હું તપાસ કરાવું છું' જેવો પોકળ બચાવ રજૂ કરીને બાદમાં ફોન ઉપાડવાનું જ બંધ કરી દીધું હતું! એલસીબી પીઆઈ પણ મૌન ધારણ કરીને બેસી ગયા છે. આ મૌન જ સાબિત કરે છે કે આ કૌભાંડમાં ઉપરથી નીચે સુધીના તમામ મોહરાઓ જોડાયેલા છે.

### રેન્જ IGને સીધી રજૂઆત: હવે તવાઈ નક્કી!

તાપીમાં ચાલી રહેલી કેમિકલયુક્ત દેશી દારૂની ભઠ્ઠીઓ કોઈ મોટા લઠ્ઠાકાંડને નિમંત્રણ આપી રહી છે. જો કોઈ નિર્દોષનો જીવ જશે તો એસપી કે આ વહીવટદારો જવાબદારી લેશે? આ ગંભીર બાબતને ધ્યાને રાખીને સમગ્ર મામલે *રેન્જ આઈજી (Range IG)*ને સીધી જાણ કરવામાં આવી છે! ગૃહ મંત્રીના 'ઝીરો ટોલરન્સ'ના દાવાઓને ખુલ્લી ચેલેન્જ આપતા આ વહીવટદાર સામે હવે આકરાં પાણીએ કાર્યવાહી થાય છે કે કેમ તેના પર સૌની નજર છે.

### 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ની સરકાર અને ગૃહ વિભાગ સમક્ષ આરપારની માંગણીઓ

૧. ACBની રેડ અને સંપત્તિની તપાસ: ASI બિપિન ચૌધરીની છેલ્લા ૧૦ વર્ષની તમામ સ્થાવર-જંગમ મિલકતો, બેંક એકાઉન્ટ્સ અને બેનામી સંપત્તિઓની એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા તાત્કાલિક દરોડા પાડીને તપાસ થાય.

૨. બેંગકોક-દુબઈ પ્રવાસની તપાસ: ભૂતકાળમાં કરેલા બેંગકોક પ્રવાસો અને તાજેતરના દુબઈ પ્રવાસ માટે કોની મંજૂરી લેવાઈ હતી? તેના ફંડિંગનો સ્ત્રોત કયો હતો? તેની સ્પેશિયલ વિજિલન્સ તપાસ થાય.

૩. એસપી અને LCB PI સામે તપાસ કમિટી: જિલ્લા પોલીસ વડા જશુ દેસાઈ અને એલસીબી પીઆઈની નિષ્ક્રિયતા અને છત્રછાયા અંગે રેન્જ આઈજી દ્વારા ઉચ્ચસ્તરીય તપાસ કમિટી નીમવામાં આવે.

૪. સિન્ડિકેટ બુટલેગરો પર પાસા: સંજુ દાઢી, હેમંત બેટરી, વિજય સાયન, નીતિન અને રૂસ્તમ સોનગઢ જેવા તમામ બુટલેગરોને જેલના સળિયા પાછળ ધકેલી પાસા (PASA) હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવે.

પાક્કો ગુજરાત ન્યૂઝ તટસ્થતા અને નિડરતા સાથે આ મુદ્દાને આખરી અંજામ સુધી પહોંચાડશે. હવે જોવાનું એ રહે છે કે રેન્જ આઈજી અને એસીબી આ ભ્રષ્ટ વહીવટદારનો અડ્ડો ઉખાડી ફેંકે છે કે પછી 'સબ સબકા હિસ્સા' કહીને ઢાંકપિછોડો થાય છે!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## અમરેલીના રાજુલામાં સિંહ-દીપડાના આંટાફેરાથી સ્થાનિકોમાં ફફડાટ વ્યાપ્યો

અમરેલી

અમરેલી, ગીર સોમનાથ સહિતના વિસ્તારોમાં સિંહ, દીપડાના આંટાફેરાના વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં હોય છે, ત્યારે અમરેલીના રાજુલા શહેરમાં દીપડો જોવા મળતાં સ્થાનિકોમાં ફફડાટ ફેલાયો હતો. બીજી તરફ, શિકારની શોધમાં રાજુલાના ધુડિયા આગરીયા ગામમાં ત્રણ સિંહો પ્રવેશ્યાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે.

અમરેલીના રાજુલા શહેરના આગરીયા જકાત નાકા વિસ્તારમાં ગત મોડી રાત્રે દીપડો જોવા મળ્યો હતો. જેમાં સન્યાસ આશ્રમ ખાતે મંદિરમાં દીપડો આવી પહોંચ્યો હતો. માનવ વસાહતમાં દીપડો દેખાતા સ્થાનિકોમાં ભય જોવા મળ્યો હતો. દીપડાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં રાજુલા વનવિભાગની ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

બીજી તરફ, રાજુલાના ધુડીયા આગરીયા ગામમાં સિંહોના આંટાફેરાના દ્રશ્યો સામે આવ્યા છે. જેમાં ધુડીયા આગરીયા ગામે 3 સિંહો શિકારની શોધમાં આવી ચડ્યા હતા. જેમાં 3 સિંહોએ પશુ પાછળ શિકાર કરવા માટે દોટ મૂકતા સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટ જોવા મળે છે. આ ઘટના ગત 24 જુલાઈ છે. 2 દિવસ પહેલાના સિંહના સીસીટીવી વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા છે.

## સાબરમતી પરના હીરપુરા બેરેજમાંથી પાણી છોડાવાની શક્યતા, વિજાપુર અને હિંમતનગરના 8 ગામોને એલર્ટ કરાયા

અમદાવાદ

સાબરમતી નદી પર આવેલા હીરપુરા બેરેજમાં ઉપરવાસમાં થઈ રહેલા ભારે વરસાદને કારણે સતત પાણીની આવક વધી રહી છે. જળસ્તર જાળવી રાખવા અને બેરેજના સલામતીના ભાગરૂપે તંત્ર દ્વારા વધારાનું પાણી છોડવાની તૈયારીઓ કરી લેવામાં આવી છે. આજે (26મી જુલાઈ) બપોરે 2 વાગ્યાથી 3 વાગ્યાની આસપાસ જરૂરિયાત મુજબ પાણી છોડવામાં આવી શકે છે. જેને પગલે મહેસાણા જિલ્લાના વિજાપુર અને સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના નદી કાંઠાના ગામોને તાત્કાલિક અસરથી સાવચેત કરી દેવામાં આવ્યા છે.

છેલ્લા કેટલાક દિવસોથી ઉપરવાસના વિસ્તારોમાં થઈ રહેલા નોંધપાત્ર વરસાદના કારણે હીરપુરા બેરેજમાં ગત ૨૩ જુલાઈથી જળસ્તર વધવાનું શરૂ થયું હતું. હાલમાં બેરેજમાં અંદાજે ૭૦૦ ક્યુસેક પાણીની આવક નોંધાઈ રહી છે. બેરેજની માળખાકીય સલામતી અને જળસ્તરનું યોગ્ય નિયંત્રણ જાળવવા માટે વધારાના પાણીનો નિકાલ કરવો અનિવાર્ય બન્યો છે, જેના કારણે વહીવટી તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારોમાં આગોતરા સાવચેતીના પગલાં ભરવામાં આવ્યા છે.

સંભવિત જળ પ્રવાહને ધ્યાનમાં રાખીને બે જિલ્લાના કુલ 8 ગામોના લોકોને તાત્કાલિક ધોરણે ચેતવણી આપવામાં આવી છે. વિજાપુર તાલુકો (મહેસાણા): હીરપુરા, ગણેશપુરા, જુનાસંઘપુર અને ધનપુરા

હિંમતનગર તાલુકો (સાબરકાંઠા): દેરોલ, સરોલી, ગેડ અને વાગપુર

સંબંધિત વિસ્તારના મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટોને ગ્રામ્ય સ્તરે સંકલન સાધીને જરૂરી તમામ પગલાં લેવા આદેશ કરી દેવાયા છે.

## જામનગરના ઉધોગનગર પાણાખાણ વિસ્તારમાં વારંવાર વીજ પુરવઠો ખોરવાતાં નાગરિકોમાં રોષ

જામનગર

જામનગરના ઉદ્યોગનગર પાણાખાણ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી અવારનવાર વીજ પુરવઠો ખોરવાતાની સમસ્યાથી સ્થાનિક રહિશો ભારે પરેશાન બન્યા છે. વારંવાર સર્જાતી વીજ સમસ્યાના કારણે દૈનિક જનજીવન પર અસર પડી રહી હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

સમસ્યાના કાયમી નિરાકરણની માંગ સાથે ગઈકાલે વિસ્તારના રહિશોએ 58 દિગ્વિજય પ્લોટ સ્થિત પીજીવીસીએલ કચેરી સામે રોડ બંધ કરી ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિરોધ દરમિયાન મોટી સંખ્યામાં સ્થાનિકો એકત્રિત થયા હતા અને તાત્કાલિક તેમજ કાયમી ધોરણે વીજ પુરવઠાની સમસ્યાનું નિરાકરણ લાવવાની માંગ ઉઠાવી હતી.

રોડ બંધ કરાતા થોડા સમય માટે વાહનવ્યવહાર પણ પ્રભાવિત થયો હતો. ઘટનાની જાણ થતાં સંબંધિત અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા અને રજૂઆતો સાંભળી યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

સ્થાનિકોએ જણાવ્યું હતું કે વરસાદી મોસમ દરમિયાન વારંવાર વીજ પુરવઠો ખોરવાતો હોવાથી સામાન્ય જનતા, વેપારીઓ અને વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. હવે તંત્ર દ્વારા માત્ર આશ્વાસન નહીં પરંતુ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે તેવી લોકમાગ ઉઠી છે.

## બગોદરા-ધંધુકા રોડ પર ધીંગડા પાસે પાણી ભરાતાં અકસ્માતનો ભય, વાહનચાલકો માટે વૈકલ્પિક માર્ગ જાહેર

ધંધુકા

બગોદરા-ધંધુકા રોડ પર આવેલા ધીંગડા ગામ નજીક રસ્તા પર પાણી ભરાઈ જવાના કારણે વાહનવ્યવહાર પર ગંભીર અસર પડી છે. રસ્તા પર પાણી ભરાયેલા હોવાને કારણે રાત્રિના સમયે રોડ વચ્ચે આવેલું ડિવાઈડર વાહનચાલકોને સ્પષ્ટપણે દેખાતું નથી, જેના લીધે મોટો અકસ્માત સર્જાવાની પૂરેપૂરી શક્યતા ઊભી થઈ છે. જાહેર જનતાની સુરક્ષા અને સલામતીને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા આ માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો માટે તાત્કાલિક ધોરણે વૈકલ્પિક માર્ગ (ટ્રાફિક ડાયવર્ઝન) ની વ્યવસ્થા કરવામાં આવી છે. અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા જાહેર કરવામાં આવેલી સુચના મુજબ, ધંધુકાથી બગોદરા તરફ જતા વાહનો માટે ગુંદી - અરણેજ માર્ગ પરથી ટ્રાફિક ડાયવર્ટ કરવામાં આવ્યો છે. જ્યારે બગોદરાથી ધંધુકા તરફ જતાં વાહનોને અરણેજ - ગુંદી માર્ગ થઈને આગળ ધંધુકા તરફ જવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ખાસ કરીને તમામ ભારે વાહનચાલકોને આગામી નવી સૂચના ન મળે ત્યાં સુધી આ વૈકલ્પિક માર્ગનો જ ઉપયોગ કરવા વિનંતી કરવામાં આવી છે અને પોલીસ તંત્ર દ્વારા તમામ વાહનચાલકોને સહકાર આપવા માટે અપીલ કરાઈ છે.

### શિનોર તાલુકામાં 'લોકાર્પણનું ગ્રહણ'

# રૂપિયા 40 લાખનું શાળાનું બિલ્ડિંગ, પંચાયત ઘર અને નંદઘર તૈયાર, પણ નેતાઓના ફિતા કાપવાના નાટક માટે કામગીરી ઠપ્પ!

## 15 ભૂલકાં ભાડાના સાંકડા રૂમમાં રમે છે, કૂતરાં નવા આંગણવાડીના દરવાજે પહેરો ભરે છે! જર્જરિત મકાનમાં જીવના જોખમે પંચાયત ચલાવતી કડવી વાસ્તવિકતા




### પાક્કો ગુજરાત ન્યૂઝના આકરા સવાલો

1. જે આંગણવાડી અને શાળામાં બાળકો ભણવા જોઈએ, ત્યાં લોકાર્પણ માટે ક્યાં સુધી નેતાઓની ગુલામી કરવી પડશે?
2. ધારાસભ્ય કે અધિકારીઓ પાસે 10 મિનિટનો સમય નથી, તો શું પ્રજાએ જાતે જઈને તાળા તોડી બિલ્ડિંગોનો ઉપયોગ શરૂ કરી દેવો?
3. મંડપના ખર્ચા માથે પડ્યા અને બાળકો વરસાદમાં હેરાન થાય છે, તેની જવાબદારી કયો નેતા કે અધિકારી લેશે?

**શિનોર તાલુકાની જનતાની એક જ માંગ છે કે, કોઈપણ જાતના રાજકીય નાટક કે મોહુરત વગર માંજરોલનું નંદઘર, અવાખલનું પંચાયત ઘર અને માંડવાની પ્રાથમિક શાળા તાત્કાલિક ધોરણે ખુલ્લા મૂકવામાં આવે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' આ મુદ્દાને ઉચ્ચ કક્ષા સુધી પહોંચાડીને પ્રજાને ન્યાય અપાવવા મક્કમ છે.**

શિનોર, પ્રતિનિધિ

સરકાર એક તરફ 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના બોર્ડ મારીને કરોડો રૂપિયાના વાજતે-ગાજતે પ્રચાર કરે છે, પરંતુ વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં સરકારી દાવાની પોલ છતી થઈ ગઈ છે. *'પાક્કો ગુજરાત ન્યૂઝ'*ના આકરા રિપોર્ટમાં શિનોર તાલુકાની એક એવી કડવી અને શરમજનક વાસ્તવિકતા સામે આવી છે, જ્યાં કરોડો રૂપિયાના ખર્ચે પ્રજાના ટેક્સના નાણાંમાંથી બનેલી આંગણવાડી, પંચાયત ઘર અને પ્રાથમિક શાળાના મકાનો બિલકુલ તૈયાર હોવા છતાં ધૂળ ખા implode થઈ રહ્યા છે! કારણ માત્ર એટલું જ કે, ફિતા કાપવા માટે કોઈ નેતા કે અધિકારી પાસે 'ફુરસદનો સમય' નથી!

### 1. માંજરોલ ગામ: તૈયાર નંદઘરમાં કૂતરાંનો ડેરો, ભૂલકાં ભાડાના ઘરમાં કેદ!

શિનોરના માંજરોલ ગામે જલારામ મંદિર પાસે તમામ સુવિધાઓ સાથે રંગેચંગે નવું 'નંદઘર' (આંગણવાડી) બનીને ટકોરાબંધ તૈયાર થઈ ગયું છે. પરંતુ તંત્ર અને નેતાઓની ઘોર ઉપેક્ષાને કારણે ૧૫ જેટલાં નાના માસૂમ બાળકો આજે પણ ભાડાના અતિ સાંકડા અને અસુવિધાયુક્ત મકાનમાં રમવા અને ભણવા મજબૂર છે.

શરમજનક દ્રશ્ય: જે નંદઘરમાં બાળકોનો કિલકિલાટ હોવો જોઈએ, ત્યાં દરવાજે કૂતરાં બેસીને બાળકોની રાહ જોઈ રહ્યા છે! શું સરકારના પૌષ્ટિક આહાર અને બાળવિકાસના દાવાઓ માત્ર કાગળ પર જ સીમિત છે?

### 2. અવાખલ ગામ: જીવના જોખમે જર્જરિત મકાનમાં પંચાયત, નવું મકાન 3 મહિનાથી ધૂળ ખાય છે!

અવાખલ ગામે પંચાયત ઘર કમ તલાટી-કમ-મંત્રી આવાસનું નવું મકાન છેલ્લા ૩ મહિનાથી તૈયાર થઈને ઊભું છે. બીજી તરફ, ગ્રામ પંચાયતની કામગીરી અત્યંત કંડમ, જર્જરિત અને ગમે ત્યારે તૂટી પડે તેવા મકાનમાં જીવના જોખમે ચાલી રહી છે. કાયદો અને વ્યવસ્થાની વાતો કરતા બાબુઓ અને નેતાઓને આ નવું મકાન ખુલ્લું મૂકવાનો સમય મળતો નથી. શું કોઈ મોટો અકસ્માત સર્જાયા પછી જ લોકાર્પણનું મુહૂર્ત નીકળશે?

### 3. માંડવા ગામ: રૂ. 40 લાખની નવી શાળા તૈયાર, મંડપના ખર્ચા માથે પડ્યા છતાં ધારાસભ્ય ના આવ્યા!

સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬માં માંડવા ગામે રૂ. ૪૦ લાખના જંગી ખર્ચે પ્રાથમિક શાળાનું નવું મકાન તૈયાર કરાયું હતું. ગત ૨૫ જૂનના રોજ 'શાળા પ્રવેશોત્સવ' પ્રસંગે ધારાસભ્યના વરદ હસ્તે લોકાર્પણ નક્કી થયું હતું.

શાળા અને પંચાયતે લોકાર્પણ માટે મંડપ અને બેનરો પાછળ લાખોનો ખર્ચ કરી નાખ્યો, પરંતુ સાહેબ પધાર્યા જ નહીં! પરિણામે, એક મહિનાથી વધુ સમય વીતી ગયો હોવા છતાં, ચોમાસાની આ કડકડતી ઋતુમાં ભૂલકાંઓ નવી સુરક્ષિત શાળાના લાભથી વંચિત છે.

### ચૂંટણી પતી ગઈ, હવે રાજકારણ છોડો! કરજણ-શિનોરની નેતાગીરી સામે પ્રજાનો આક્રોશ

ચૂંટણી વખતે ઘરે-ઘરે મતો ભીખ માગવા આવતા નેતાઓ ચૂંટણી પૂરી થતાં જ પ્રજાને ભુલી ગયા છે. કોણે કેટલા મત આપ્યા તેનું ગણિત બાજુ પર મૂકીને 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના સૂત્ર મુજબ કામગીરી કરવાની જરૂર છે. પરંતુ કરજણ અને શિનોર તાલુકાની નિષ્ક્રિય નેતાગીરીના કારણે શિનોર તાલુકાની પ્રજા અને માસૂમ બાળકો હેરાન થઈ રહ્યા છે.

## સુભાનપુરામાં 'વડીલ પરિવાર' દ્વારા જન્મોત્સવ-લગ્નોત્સવની ભવ્ય ઉજવણી

### જોરુભા ખાચરના દુહા-છંદ અને ચારણી સાહિત્યના લલકારથી સિનિયર સિટીઝનો મંત્રમુગ્ધ! : શ્રદ્ધાપૂર્વકની પ્રાર્થના, દાતાઓનું સન્માન અને લોકસાહિત્યના રસથાળ સાથે કાર્યક્રમ સંપન્ન

વડોદરા, (પ્રતિનિધિ)



સુભાનપુરા સ્થિત 'વડીલ પરિવાર સિનિયર સિટીઝન ફોરમ' દ્વારા તારીખ ૨૬/૦૭/૨૦૨૬, રવિવારના રોજ માસિક જન્મોત્સવ અને લગ્નોત્સવના વિશેષ કાર્યક્રમનું આયોજન અત્યંત ઉત્સાહભેર અને ભાવસભર વાતાવરણમાં કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ શ્રી કનુભાઈ પટેલ અને ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ પટેલના સંયુક્ત સહયોગ અને માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં સિનિયર સિટીઝન સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત શ્રીમતી માલવિશ્રીબેન અને શ્રીમતી પલ્લવીબેન દ્વારા રજૂ કરવામાં આવેલી મધુર અને ભાવવાહી પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ સંસ્થાના કારોબારી સભ્ય શ્રી અશોકભાઈ શાહ દ્વારા આજના મુખ્ય મહેમાનનો પરિચય સભ્યો સમક્ષ મુકવામાં આવ્યો હતો. આજના આ વિશેષ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ૨૦૧૮માં રિલાયન્સ (IPCL) સ્કૂલમાંથી પ્રિન્સિપાલ પદેથી નિવૃત્ત થયેલા જાણીતા સાહિત્યકાર શ્રી જોરુભા ખાચર (M.Com, B.Ed) ખાસ ઉપસ્થિત રહ્યા હતા. યુવા મહોત્સવ અને કલાકુંભ જેવી સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે સેવાઓ આપી ચૂકેલા તેમજ ઝવેરચંદ મેઘાણીજીની ૧૨૫મી જન્મજયંતી નિમિત્તે 'મેઘાણી વંદના' પેજ પર ૧૮ જેટલા વ્યાખ્યાનોનું સફળ સંચાલન કરનાર શ્રી જોરુભા ખાચરે સાહિત્ય પીરસ્યું હતું. તેમણે લોકસાહિત્ય અને ચારણી સાહિત્યનો વિગતવાર પરિચય કરાવી, દુહા અને છંદની રમઝટ બોલાવી હતી. પોતાની અસલ ચારણી શૈલીમાં લલકારેલા દુહાઓથી તેમણે હાજર તમામ સિનિયર સિટીઝનોને દોઢ કલાક સુધી મંત્રમુગ્ધ કરી દીધા હતા અને આહલાદક વાતાવરણ ઊભું કર્યું હતું.

## પોરબંદર કોંગ્રેસને મળ્યું મજબૂત નેતૃત્વ: નાથા ઓડેદરાનું ભવ્ય સન્માન

### પ્રદેશ કોંગ્રેસના વિશ્વાસપાત્ર નેતા તરીકે પોરબંદર જિલ્લા કોંગ્રેસની કમાન સોંપાતા કાર્યકરોમાં ખુશીનો માહોલ

ગોસા (ઘેડ), વિરમભાઈ કે. આગઠ





પોરબંદર કોંગ્રેસ પક્ષના આગેવાન અને કદાવર નેતા નાથાભાઈ ભુરાભાઈ ઓડેદરાએ કોંગ્રેસ પક્ષમાં ઘરવાપસી કર્યા બાદ પ્રદેશ કોંગ્રેસના મોવડી મંડળ દ્વારા તેમના પર વિશ્વાસ મૂકીને પોરબંદર કોંગ્રેસ પાર્ટીની કમાન સોંપવામાં આવી છે. આ પ્રસંગે તેમનું ફૂલહાર પહેરાવી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન કાર્યક્રમમાં માલદેભાઈ બાપોદરા તથા પોરબંદર શહેર કોંગ્રેસ સેવાદળના અધ્યક્ષ અશ્વિન દેવજીભાઈ મોતીવરસે નાથાભાઈ ઓડેદરાને ફૂલહાર પહેરાવી શુભેચ્છાઓ પાઠવી હતી અને તેઓ પોરબંદર કોંગ્રેસને વધુ મજબૂત બનાવી સતત પ્રગતિના નવા શિખરો સર કરે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી. નાથાભાઈ ઓડેદરા કોરોના મહામારી દરમિયાન પોરબંદરની પ્રજાના સુખ-દુઃખના સાથી બની રહ્યા હતા. ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોની મદદ માટે તેમણે સતત સેવાકાર્ય કર્યું હતું. કોંગ્રેસ પક્ષના નાના કાર્યકર્તાથી લઈને વરિષ્ઠ આગેવાનો સુધી દરેક વ્યક્તિ તેમની પાસે નિખાલસતાથી પોતાની વાત રજૂ કરી શકે છે, જેના કારણે તેઓ કાર્યકરોમાં લોકપ્રિય નેતા તરીકે ઓળખાય છે. પોરબંદર કોંગ્રેસને વધુ મજબૂત બનાવવા માટે પ્રદેશ નેતૃત્વ દ્વારા નાથાભાઈ ઓડેદરા પર મૂકવામાં આવેલા વિશ્વાસને કોંગ્રેસ પરિવાર માટે ગૌરવની બાબત ગણાવવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિકજી, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિરોધ પક્ષના નેતા તુષાર ચૌધરી, ઝોન પ્રભારી દેવેન્દ્ર યાદવજી, શુભાશિની યાદવજી, રામકૃષ્ણ ઓજાજી, સેવાદળના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈ, પ્રદેશ અધ્યક્ષ પ્રગતિબેન આહીર, પૂર્વ સેવાદળ જિલ્લા પ્રમુખ રાજુભાઈ ઓડેદરા, મંત્રી વજુભાઈ પુનાણી, ગીર સોમનાથ પ્રભારી કાંતિભાઈ બુધેચા, સેવાદળ જિલ્લા અધ્યક્ષ હરીશભાઈ મંજીઠીયા સહિત પોરબંદર શહેર-જિલ્લા કોંગ્રેસ સેવાદળના હોદ્દેદારો અને કાર્યકરોએ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ તથા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષનો આભાર વ્યક્ત કર્યો હતો.

## 'ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું તો માત્ર પહેલું પગથિયું': CJPની આરપારની લડાઈની જાહેરાત; 'પોલીસકર્મીઓનો હિસાબ થશે અને PM મોદીનું રાજીનામું પણ લેવાશે!'

### પ્રવક્તાએ દાવો કર્યો છે કે દેશમાં સતત થઈ રહેલા પેપર લીક, બેરોજગારી અને યુવાનોના ભવિષ્ય સાથે થતી રમત માટે માત્ર એક મંત્રી જવાબદાર નથી, પરંતુ આખી સરકારની નીતિ જવાબદાર છે....

અમદાવાદ

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ પણ દેશમાં સળગેલો આક્રોશ શમવાનું નામ નથી લઈ રહ્યો! કૉકરોચ જનતા પાર્ટી (CJP)ના પ્રવક્તાએ એક ઈન્ટરવ્યુમાં દેશના રાજકારણમાં ગરમાવો લાવી દે તેવું તીખું અને આક્રમક નિવેદન આપ્યું છે. CJPએ સ્પષ્ટ શબ્દોમાં લલકારતા કહ્યું છે કે, ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું એ તો આ લડાઈનું માત્ર પહેલું પગથિયું છે, આંદોલન અહીં રોકાવાનું નથી! વિદ્યાર્થીઓ અને યુવા આંદોલનકારીઓ પર થયેલા લાઠીચાર્જ અને પોલીસી દમનનો ઉલ્લેખ કરતા CJPના પ્રવક્તાએ અત્યંત કડક સુરમાં ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે, 'સરકારના ઈશારે નિર્દોષ યુવાનો અને પરીક્ષાર્થીઓ પર લાઠીઓ વીંઝનારા અને અત્યાચાર કરનારા એક-એક પોલીસકર્મીનો હિસાબ લેવામાં આવશે. કોઈને બક્ષવામાં નહીં આવે. કાયદાકીય અને નૈતિક રીતે દરેક જુલમનો જવાબ માંગવામાં આવશે.' CJPએ પોતાની માગણીઓનો દાયરો વધારતા હવે સીધું દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું છે. પ્રવક્તાએ દાવો કર્યો છે કે દેશમાં સતત થઈ રહેલા પેપર લીક, બેરોજગારી અને યુવાનોના ભવિષ્ય સાથે થતી રમત માટે માત્ર એક મંત્રી જવાબદાર નથી, પરંતુ આખી સરકારની નીતિ જવાબદાર છે. તેથી, હવે લડાઈ વડાપ્રધાનના રાજીનામા સુધી ચાલુ રહેશે અને CJP દેશના તમામ યુવાનોને એક તાંતણે બાંધીને આ આંદોલનને વધુ ઉગ્ર બનાવશે. યુવાનો પર હિંસા કરનારા પોલીસ અધિકારીઓ સામે આકરા પગલાં અને જવાબદેહી નક્કી થાય. પેપર લીક અને અન્યાયના કારણે માનસિક તણાવમાં આવી આત્મહત્યા કરનારા વિદ્યાર્થીઓના પરિવારોને યોગ્ય વળતર અને ન્યાય મળે. શિક્ષણ અને રોજગાર મુદ્દે સંપૂર્ણ નિષ્ફળતાની જવાબદારી સ્વીકારી દેશના વડાપ્રધાન રાજીનામું આપે. હાલ સમગ્ર દેશના યુવાનો અને Gen-Zમાં CJPના આ ઈન્ટરવ્યુ બાદ નવો જોશ જોવા મળી રહ્યો છે.

પાક્કો ગુજરાત

સોમવાર | 27 જુલાઈ 2026 | અમદાવાદ

## ગ્રામસભાની મંજૂરી વિના સર્વે કરવાનો આક્ષેપ

# "વિકાસના નામે ખેડૂતોનો વિનાશ નહીં ચાલે" છાયણમાં GIDC સામે ગ્રામજનોનો ઉગ્ર વિરોધ

### ચાટકા, કચલધરા સહિતના ગામોમાં ભારે રોષ — જમીન, ઘર, કૂવા અને વર્ષોથી થતી ખેતી છોડીને ક્યાં જાય આદિવાસી ખેડૂતો?



ઝાલોદ, પંકજ પંડિત

ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના છાયણ ગામે જીઆઈડીસી મંજુર થવાના અહેવાલો વચ્ચે સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષ અને વિરોધનો માહોલ જોવા મળી રહ્યો છે. છાયણ ઉપરાંત ચાટકા, કચલધરા સહિતના આસપાસના ગામોના ગ્રામજનો દ્વારા જીઆઈડીસી માટે કરવામાં આવી રહેલા સર્વે સામે સખત વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે.

મળતી માહિતી મુજબ તા. ૨૬-૦૭-૨૦૨૬ના રોજ છાયણ ગામે ગ્રામજનોની બેઠક યોજાઈ હતી, જેમાં ત્રણેય ગામોના લોકો મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા. ગ્રામજનોના જણાવ્યા મુજબ ગ્રામસભાની પૂર્વ મંજૂરી કે ગ્રામજનોની સંમતિ વિના સર્વે નંબર ૩૮/૪માં જીઆઈડીસી માટે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેને લઈ સ્થાનિક લોકોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. ગ્રામજનો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે આદિવાસી વિસ્તારમાં સ્થાનિક લોકોની સંમતિ અને ગ્રામસભાના ઠરાવને અવગણીને વિકાસના નામે જમીન હસ્તગત કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ ભારતના બંધારણની કલમ ૨૪૪(૧), પાંચમી અનુસૂચિની જોગવાઈઓ, કલમ ૧૩(૩)(ક) તેમજ પેસા કાયદા અને સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓની ભાવનાને ધ્યાનમાં લીધા વિના વહીવટી તંત્ર અને જીઆઈડીસી તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો હતો. ગ્રામજનોનું કહેવું છે કે જો વિકાસના નામે વર્ષોથી જમીન પર મહેનત કરતા ખેડૂતોને જ હાંકી કાઢવાના હોય, તો આ કેવો વિકાસ? જે જમીન પર ખેડૂતો વર્ષોથી ખેતી કરી રહ્યા છે, જ્યાં મકાનો, કૂવાઓ, હેન્ડપંપ, વીજળી સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે અને લોકોને સરકારી સનદો પણ મળેલી છે, તે જમીનને જીઆઈડીસી માટે પસંદ કરવામાં આવતા સ્થાનિક ખેડૂતોમાં ભારે અસંતોષ ફેલાયો છે. સ્થાનિક ગ્રામજનોની સૌથી મોટી દ્વિધા એ છે કે જીઆઈડીસી આવી તો જમીન ગુમાવનાર સ્થાનિક આદિવાસીઓને શું મળશે? ગ્રામજનોનું કહેવું છે કે જમીન તો સ્થાનિક ખેડૂતોની જશે, પરંતુ રોજગારની તકોનો લાભ બહારથી આવતા લોકો લઈ જશે તેવી ભીતિ છે.

## કથિત ઓડિયો ક્લિપ મામલે બ્રિજરાજસિંહ સોલંકીના હર્ષ સંઘવી અને ભાજપ IT સેલ પર ભયાનક પ્રહારો

ગાંધીનગર/અમદાવાદ

ગુજરાતના રાજકારણમાં અચાનક મોટો ભૂકંપ આવ્યો છે! સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી એક કથિત ઓડિયો ક્લિપને લઈને ગરમાયેલા રાજકારણ વચ્ચે બ્રિજરાજસિંહ સોલંકી (Brijraj Solanki) એ ખુલ્લેઆમ સામે આવીને મૌન તોડ્યું છે. તેમણે આ ઓડિયો ક્લિપ અંગે સ્પષ્ટતા કરવાની સાથે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને ભાજપના IT સેલ પર સીધા, તીખા અને ઘાતક પ્રહારો કર્યા છે.

બ્રિજરાજસિંહ સોલંકીએ આક્રમક અંદાજમાં ખુલાસો કરતા જણાવ્યું છે કે સોશિયલ મીડિયામાં જે ઓડિયો ક્લિપ વાયરલ થઈ રહી છે તે સંપૂર્ણપણે ફેક, બનાવટી અને એડિટ કરેલી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે ભાજપના IT સેલે મુદ્દા પરથી ધ્યાન ભટકાવવા અને તેમને રાજકીય રીતે બદનામ કરવા માટે આ ષડયંત્ર રચ્યું છે.

પોતાની પ્રતિક્રિયામાં બ્રિજરાજસિંહે રાજ્યના ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી પર સીધું નિશાન સાધતા કહ્યું કે, 'સરકાર અને ગૃહવિભાગ જનતાના સાચા મુદ્દાઓ ઉકેલવામાં સાવ નિષ્ફળ ગયા છે. જ્યારે તેમની પાસે કોઈ જવાબ નથી હોતો, ત્યારે ભાજપનો IT સેલ આવા ફેક ઓડિયો અને વિડીયો માર્કેટમાં ઉતારીને લોકોને ગેરમાર્ગે દોરવાનો હીન પ્રયાસ કરે છે.'

ભાજપના IT સેલે વિરોધી અવાજોને દબાવવા માટે એડિટેડ ક્લિપ ફેલાવી હોવાનો દાવો.

## દાંતા, હડાદ તાલુકાની આંગણવાડીઓમાં કરોડોનું કૌભાંડ?

# THRનો જથ્થો ઉતાર્યા વગર OTPથી 100% વિતરણ બતાવાતું હોવાનો ગંભીર આક્ષેપો

બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લાના દાંતા, હડાદ તાલુકામાં સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ બાળશક્તિ, માતૃશક્તિ અને પૂર્ણશક્તિના લાભાર્થીઓને આપવામાં આવતો પોષણ આહાર એટલે કે THR અને સત્વ આટા માં મોટા પાયે ગેરરીતિ થતી હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે વિશ્વસનીય સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આંગણવાડી કેન્દ્રોમાં પૂરતો જથ્થો ઉતારવામાં આવતો નથી. પરંતુ કોન્ટ્રાક્ટરો અને સ્થાનિક તંત્ર દ્વારા લાભાર્થીઓના ફોનમાં સીધો OTP લઈને 100% વિતરણ બતાવી દેવામાં આવે છે.



આ પહેલા પણ આંગણવાડીનો જથ્થો બીજા તાલુકામાં લઈ જતા ઝડપાયો હતો. તે સમયે મીડિયામાં અહેવાલો પ્રસિદ્ધ થયા બાદ થોડા સમય માટે કારોબાર ઠંડો પડ્યો હતો, પરંતુ હવે ફરીથી તે જ રીતે કારોબાર ચાલુ થયો હોવાની ચર્ચા છે.જિલ્લા નહીં, ગાંધીનગરની તપાસની માંગ

સ્થાનિકોમાં ચર્ચા છે કે જિલ્લા કક્ષાની ટીમ સાથે કોન્ટ્રાક્ટરોનું 'મોટું સેટિંગ' હોવાને કારણે દર મહિને 'મલાઈ' પહોંચાડવામાં આવે છે. તેથી જિલ્લાની તપાસથી કંઈ નહીં નીકળે. જો ગાંધીનગરથી ઉચ્ચ લેવલની ટીમ દ્વારા તપાસ કરવામાં આવે તો દાંતા તાલુકાની આંગણવાડીઓમાં મોટું કૌભાંડ બહાર આવી શકે છે. માંગ: 1. આ સમગ્ર મામલાની તાત્કાલિક ઉચ્ચ કક્ષાએથી તપાસ કરવામાં આવે. 2. OTP દ્વારા થતા બનાવટી વિતરણની ટેકનિકલ તપાસ કરવામાં આવે. 3. દોષિત કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે. કુપોષણ દૂર કરવાને બદલે જો કુપોષણના નામે જ ભ્રષ્ટાચાર થતો હોય તો સરકારની યોજનાનો ઉદ્દેશ જ નિષ્ફળ જાય છે.

## ગ્રામીણ વિસ્તારના ઘરવિહોણા પરિવારો માટે ખુશખબર : સરકાર આપશે મફત પ્લોટ, જમીન સમતળ કરવાની સહાયમાં પણ સીધો 5 ગણો વધારો!

ગાંધીનગર

રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં રહેતા અને પોતાનું ઘર બનાવવાનું સ્વપ્ન સેવતા બેઘર પરિવારો માટે સરકારે એક અત્યંત મહત્વનો અને રાહતરૂપ નિર્ણય લીધો છે. ગ્રામ્ય વિસ્તારના ઘરવિહોણા પરિવારોને પોતાનું છત પૂરું પાડવાના ઉદ્દેશ્યથી સરકાર દ્વારા મફત જમીન પ્લોટની ફાળવણી કરવાની જાહેરાત કરવામાં આવી છે. આટલું જ નહીં, પ્લોટ મળ્યા બાદ તેને રહેવા યોગ્ય અને બાંધકામ લાયક બનાવવા માટે આપવામાં આવતી 'જમીન સમતળ (લેવલિંગ) સહાય'ની રકમમાં પણ સીધો પાંચ ગણો વધારો કરી દેવામાં આવ્યો છે.

ગ્રામીણ વિસ્તારમાં આર્થિક રીતે નબળા અને પ્લોટ વિહોણા પરિવારોને આ યોજના હેઠળ નિઃશુલ્ક પ્લોટ આપવામાં આવશે. જેનાથી ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને પોતાના ઘરનું ઘર બનાવવાનો પાયો મજબૂત થશે. અગાઉ પ્લોટ મળ્યા બાદ તેને સમતળ કરવા માટે આપાતી આર્થિક સહાય ખૂબ ઓછી પડતી હતી, પરંતુ હવે આ સહાયની રકમ 5 ગણી વધી જતાં લાભાર્થીઓ પરનો આર્થિક બોજ નોંધપાત્ર રીતે ઘટશે.

## બનાસકાંઠા LCBની મોટો ધડાકો

# પાલનપુરમાંથી ઇનોવા ગાડીમાં ઘુસાડાતો 6.95 લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

પાલનપુર/બનાસકાંઠા

ગુજરાત સરકારની દારૂબંધી અંગેની 'ઝીરો ટોલરન્સ' નીતિને અનુરૂપ બનાસકાંઠા પોલીસે સરહદી રાજ્ય રાજસ્થાનમાંથી થતી ગેરકાયદે દારૂની હેરાફેરી સામે લાલ આંખ કરી છે. બનાસકાંઠા રેન્જ આઈજી પરીક્ષિતા રાઠોડ અને જિલ્લા પોલીસ વડા પ્રશાંત સુંબેની કડક સૂચનાના આધારે LCB બનાસકાંઠાની ટીમે પાલનપુર શહેર પૂર્વ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ઈનોવા ગાડીમાં ઘુસાડાતો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો મોટો જથ્થો પકડી પાડી પ્રોહીબિશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢ્યો છે. મળતી વિગતો મુજબ, LCB પોલીસ ઈન્સપેક્ટર ડી. એમ. રાઠોડ તથા PSI આર. બી. જાડેજા અને જે. એસ. ગઢવીના માર્ગદર્શન હેઠળ રચાયેલી ટીમો વિસ્તારમાં પેટ્રોલિંગ





અને નાકાબંધીમાં હતી. આ દરમિયાન મળેલી ચોક્કસ માહિતીના આધારે એલસીબીની ટીમે પાલનપુર ગજાનંદ ટાટા શો-રૂમ આગળ આવેલ બ્રિજ નજીક હાઈવે રોડ પર નાકાબંધી ગોઠવી હતી. નાકાબંધી દરમિયાન શંકાસ્પદ ઈનોવા ગાડી (નંબર: GJ-01-HP-6342) આવી પહોંચતા પોલીસે તેને રોકવાનો ઈશારો કર્યો હતો. પરંતુ ગાડીના ચાલકે વાહન ઊભું રાખવાને બદલે પુરપાટ ઝડપે ભગાવી મૂક્યું હતું. એલસીબીની ટીમે તુરંત ગાડીનો પીછો કર્યો હતો. પોલીસને પાછળ પડેલી જોઈ નવી આર.ટી.ઓ. ઓફિસથી થોડે આગળ ચાલક ઈનોવા ગાડી રોડ પર મૂકી અંધારાનો લાભ લઈને ભાગી છૂટ્યો હતો. પોલીસે બિનવારસી હાલતમાં મુકેલી ઈનોવા ગાડીની તલાશી લેતા તેમાંથી વગર પાસ-પરમિટની ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ ૯૮ બોટલો મળી આવી હતી. રાજસ્થાનથી ગુજરાતમાં વિદેશી દારૂ ઘુસાડવાનું મોટું ગુનાહિત ષડયંત્ર રચનાર અને નાકાબંધી દરમિયાન ગાડી મૂકીને ફરાર થઈ જનાર અજ્ઞાત ચાલક સામે પાલનપુર શહેર પૂર્વ પોલીસ સ્ટેશન ખાતે કાયદેસરનો પ્રોહીબિશનનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## આખરે શેનાથી નારાજ છે ગુજરાતના જાણીતા હવામાન નિષ્ણાત?

# સમગ્ર ગુજરાતમાં જાણીતા અંબાલાલ પટેલની સો. મીડિયાના ફેક વીડિયો અંગે ખુલ્લેઆમ સ્પષ્ટતા

ગાંધીનગર

હવામાનની સચોટ આગાહી માટે સમગ્ર ગુજરાતમાં જાણીતા અંબાલાલ પટેલ સોશિયલ મીડિયામાં તેમના નામે વાયરલ થતા વીડિયો અંગે પ્રથમ વખત ખુલ્લેઆમ સામે આવ્યા છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે ફેસબુક, ઈન્સ્ટાગ્રામ કે યુટ્યુબ પર તેમની પોતાની કોઈ ઓફિશિયલ ચેનલ નથી. આ સાથે જ તેમણે કડક શબ્દોમાં ટકોર કરી છે કે કોઈ પણ વ્યક્તિએ તેમના નામે વીડિયો ન બનાવવા, કારણ કે તેઓ કોઈને પણ પોતાના નામે વીડિયો બનાવવાની મંજૂરી આપતા નથી. હવે અહીં મોટો સવાલ એ ઊભો થાય છે કે અંબાલાલ પટેલ સોશિયલ



મીડિયા પર તેમના નામે બનતા મીમ્સથી પરેશાન છે કે પછી તેમના નામે ચાલતી ખોટી આગાહીના કારણે ગુસ્સે થયા છે? આ બાબતે વિશ્લેષણ કરીએ તો, અંબાલાલ પટેલની નારાજગીનું મુખ્ય કારણ તેમના નામે ફેલાવવામાં આવતી ખોટી આગાહીઓ અને ગેરમાર્ગે દોરતી માહિતી છે.

ગુજરાતનો મોટો ખેડૂત વર્ગ અને સામાન્ય નાગરિકો વાવણીથી લઈને પોતાના મહત્વના કામો માટે અંબાલાલ પટેલના અંદાજ પર ખૂબ ભરોસો મૂકે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા પર વ્યૂઝ અને લાઈક્સ મેળવવાની ઘેલછામાં કેટલાક કન્ટેન્ટ ક્રિએટર્સ તેમના જૂના ઓડિયો કે વીડિયો એડિટ કરીને અથવા તેમના નામે કોઈ પણ ભળતી જ આગાહીઓ મૂકી દે છે. જ્યારે આ ખોટી આગાહીઓ સાચી નથી પડતી, ત્યારે ખેડૂતોને આર્થિક નુકસાન થાય છે અને લોકોમાં ભ્રમ ઊભો થાય છે. આખરે આનો સીધો આરોપ અંબાલાલ પટેલના નામે જમા થાય છે.

## ખેરાલુ નજીક હાઇવે પર જાહેર જગ્યાએ રેઇડ: પાંચ આરોપીઓ સામે ગુનો નોંધાયો

# મહેસાણામાં SMCનો મેગા દરોડો: ₹25.33 લાખનો મુદ્દામાલ કબ્જે, ₹10.33 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

મહેસાણા

SMC (સ્ટેટ મોનીટરિંગ સેલ) એ મહેસાણા જિલ્લાના ખેરાલુ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખેરાલુથી સતલાસણા જતાં હાઈવે પર ડભોડા ચોકડી નજીક જાહેર જગ્યાએ કરાયેલી રેઈડ દરમિયાન અંદાજે 100 પેટી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ઝડપાયો હતો. પોલીસે કુલ 25,33,542નો મુદ્દામાલ કબ્જે કર્યો છે, જેમાં માત્ર IMFL અને બીયરની 3,114 બોટલોની કિંમત 10,33,542 હોવાનું સામે આવ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, SMCના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.વી. ગળચરને મળેલી બાતમીના આધારે ડભોડા ચોકડી નજીક હાઈવે રોડ પર દરોડો પાડવામાં આવ્યો હતો. કાર્યવાહી દરમિયાન ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બીયરની અંદાજે 100 પેટી તથા 3,114 બોટલો મળી આવી હતી. પોલીસે દારૂના જથ્થા ઉપરાંત અન્ય મુદ્દામાલ સહિત કુલ 25.33 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ મામલે ખેરાલુ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ, દારૂનો જથ્થો લઈ આવનાર ફોર્ચ્યુનર કારના ડ્રાઈવર, ક્લીનર, માલિક તેમજ દારૂનો જથ્થો મોકલનાર અને મંગાવનાર સહિત કુલ પાંચ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. સમગ્ર નેટવર્ક સુધી પહોંચવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.






## ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતના અધ્યક્ષ સ્થાને સિધ્ધપુર તાલુકા સિનિયર સિટીઝન સંગઠનની વાર્ષિક સભા યોજાઇ

સિધ્ધપુર

સિધ્ધપુર તાલુકા સિનિયર સિટીઝન સંગઠનની ૧૯ મી વાર્ષિક સાધારણ સભા બિંદુ સરોવર નિરમા અતિથિગૃહમાં ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને યોજાઈ જેઓ આ સંગઠનના અધ્યક્ષ પણ છે તેઓએ જણાવ્યું કે જ્યારે જ્યારે હું સિનિયર સિટીઝન સંગઠનના કાર્યક્રમમાં આવું છું ત્યારે મને સૌથી વધુ આનંદ થાય છે. ૬૦ વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓએ ખૂબ જ આનંદથી રહેવું જોઈએ જેઓએ પોતાની જિંદગીમાં કુટુંબ અને સમાજ માટે ખૂબ જ મોટું યોગદાન આપેલું છે તેઓએ દાતાઓના દાનને બિરદાવ્યું. આ પ્રસંગે ભોજન દાતા અમૃત ભારતી સ્વામીનું, સ્ટીલની સ્ટીકના દાતા શૈલેષભાઈ પંચોલીનું તેમજ શાલના દાતા વિરેન્દ્રકુમાર ઠાકરનું સન્માન કરવામાં આવ્યું જાન્યુઆરીથી એપ્રિલ મહિના



દરમિયાન જન્મદિવસ ધરાવતા સભાસદોના જન્મદિવસની કેક કાપી સાલ ઓઢાડી સન્માન કરી ઉજવણી કરવામાં આવી ૭૫ વરસ પૂર્ણ કરનાર સભાસદોને સ્ટીલની લાકડી અર્પણ કરી તેમના જીવન પ્રવાસ અને સમાજ પ્રત્યેના યોગદાનને સન્માન પૂર્વક બિરદાવામાં આવ્યા. આ પ્રસંગે પ્રમુખ નવીનચંદ્ર મોદીએ તેમજ મંત્રી ભરતભાઈ ઠાકરે સંગઠન વિશે માહિતી આપી, ઉપ-પ્રમુખ જે.ડી.પટેલે મહેમાનોનો પરિચય આપ્યો આ ઉપરાંત

ખજાનચી ધીરુભાઈ મોદીએ હિસાબો રજૂ કર્યા જેને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા.

## પ્રદેશ ભાજપ નેતા જગદીશ પંચાલે અમર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી

# સુરતના કારગિલ ચોક ખાતે કારગિલ વિજય દિવસની ભવ્ય ઉજવણી કરાઇ

**માતૃભૂમિની રક્ષા માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનારા બહાદુર જવાનોની વીરતા અને બલિદાનને યાદ કરવાનો દિવસ એટલે કે 'કારગિલ વિજય દિવસ'**

સુરત

માતૃભૂમિની રક્ષા માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનારા બહાદુર જવાનોની વીરતા અને બલિદાનને યાદ કરવાનો દિવસ એટલે કે 'કારગિલ વિજય દિવસ'. આ પાવન અને ગૌરવશાળી અવસર નિમિત્તે સુરત મહાનગરના કારગિલ ચોક ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતીય સેનાના અમર શહીદોને શ્રદ્ધાસુમન અર્પણ કરી તેમના અપ્રતિમ શૌર્યને નમન કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રદેશ ભાજપના નેતા જગદીશ પંચાલે ખાસ હાજરી આપી હતી. તેમણે કારગિલ ચોક



ખાતે આવેલા શહીદ સ્મારક પર પુષ્પચક્ર અર્પણ કરીને દેશ માટે પ્રાણની આહુતિ આપનારા અમર વીરોને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. આ પ્રસંગે વાતાવરણ 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ'ના નારાઓથી ગુંજી ઊઠ્યું હતું. શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાની સાથે સાથે દેશની સરહદો પર પોતાની જુવાની ખપાવી દેનારા અને માતૃભૂમિનું રક્ષણ કરનારા પૂર્વ સૈનિકોનું પણ વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું. જગદીશ પંચાલે શાલ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને પૂર્વ સૈનિકોની સેવાઓનું સન્માન કર્યું હતું.

## રાજેન્દ્રસિંહ ઉર્ફે લાલો અને હર્ષવર્ધન હજુય ફરાર

# શિવાજીનગર હુમલા કેસ : હિસ્ટ્રીશીટર રાજેશ ઉર્ફે 'આઠડો' પોલીસની ગિરફ્તમાં

આણંદ

શિવાજીનગર ખાતે ગત તા. 17/05/2026ના રોજ રાજવીરસિંહ છત્રસિંહ સિંધા પર થયેલા જાનલેવા હુમલાના પ્રકરણમાં પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે આ કેસમાં સંડોવાયેલા આણંદના કુખ્યાત આરોપી રાજેશ ઉર્ફે આઠડો ભયલાલ પરમારની ધરપકડ કરી લીધી છે. જોકે, આ ગુનાના મુખ્ય સૂત્રધારો સહિત અન્ય આરોપીઓ હજુ પણ પોલીસ પકડથી દૂર હોવાથી વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે.

પોલીસ તપાસમાં સામે આવેલી વિગતો મુજબ, ઝડપાયેલો આરોપી રાજેશ ઉર્ફે આઠડો અગાઉથી જ ગુનાહિત માનસિકતા ધરાવે છે. તેની સામે આણંદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ગંભીર હુમલા, મારામારી અને શારીરિક ઈજા પહોંચાડવા જેવા અનેક ગુનાઓ અગાઉથી જ ચોપડે નોંધાયેલા છે. આરોપી અગાઉ એક ગંભીર કેસમાં કોર્ટમાંથી જામીન પર મુક્ત થયો હતો. જામીન પર બહાર આવ્યા બાદ સુધરવાને બદલે તેણે ફરીથી ગુનાહિત પ્રવૃત્તિઓ શરૂ કરી દીધી હતી. આરોપીએ જામીનની શરતોનો ભંગ કરીને ફરી ગુનો આચર્યો હોવાથી પોલીસે કોર્ટમાં તેના જામીન રદ કરવા માટેની કાનૂની પ્રક્રિયા હાથ ધરી છે.

શિવાજીનગર હુમલા કેસમાં સામેલ અન્ય મુખ્ય આરોપીઓ રાજેન્દ્રસિંહ ઉર્ફે લાલો મંગળસિંહ ગોહિલ તથા હર્ષવર્ધન સુરેશ ગોહેલ હજુ સુધી ફરાર છે. પોલીસની અલગ-અલગ ટીમ બનાવીને આ બંને આરોપીઓની ધરપકડ કરવા માટે સંભવિત ઠેકાણાઓ પર દરોડા પાડવામાં આવી રહ્યા છે અને સઘન શોધખોળ ચાલુ કરી દેવામાં આવી છે.

## તંત્રી લેખ...

## ખાખી વર્દીથી જેલના સળિયા સુધી: આઈપીએસ સંજીવ ભટ્ટની વિવાદાસ્પદ અને નાટ્યાત્મક સફર

ગુજરાત કેડરના ૧૯૮૮ની બેચના પૂર્વ આઈપીએસ (IPS) અધિકારી સંજીવ ભટ્ટનું નામ ભારતીય અમલદારશાહી અને કાનૂની ઈતિહાસના સૌથી વિવાદાસ્પદ પ્રકરણોમાંનું એક ગણાય છે. આઈઆઈટી બોમ્બે જેવા દેશના સર્વોચ્ચ શૈક્ષણિક માંથી અભ્યાસ કરીને પોલીસ સેવામાં જોડાયેલા સંજીવ ભટ્ટનો સમગ્ર સેવાકાળ અને તે પછીનો સમય વિવાદો, આરોપો અને કોર્ટ કચેરીના ચક્કરમાં વિત્યો છે.

### આઈઆઈટીયનથી આઈપીએસ બનવા સુધીની શરૂઆત

સંજીવ ભટ્ટે આઈઆઈટી બોમ્બેમાંથી એમ.ટેક. (M.Tech) નો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ૧૯૮૮માં યુપીએસસી પાસ કરીને ભારતીય પોલીસ સેવા પસંદ કરી હતી. શરૂઆતી દિવસોમાં તેઓ એક કડક, આક્રમક અને નિડર અધિકારી તરીકે છાપ ધરાવતા હતા. જામનગર, બનાસકાંઠા અને સાબરમતી જેલ જેવા સંવેદનશીલ વિસ્તારો અને વિભાગોમાં તેઓ સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ (SP) તથા અન્ય મહત્વના હોદ્દાઓ પર તૈનાત રહ્યા હતા.

### 1990નો કસ્ટોડિયલ ડેથ કેસ (જામનગર)

તેમની કારકિર્દીનો પ્રથમ અને સૌથી મોટો વિવાદ ૧૯૯૦માં શરૂ થયો. જ્યારે તેઓ જામનગરમાં એડિશનલ એસપી તરીકે ફરજ બજાવતા હતા, ત્યારે જામજોધપુરમાં થયેલા કોમી તોફાનો દરમિયાન પોલીસે ૧૩૩ લોકોની અટકાયત કરી હતી. અટકાયત કરાયેલા લોકોમાંથી પ્રભુદાસ વૈશ્નાની નામના વ્યક્તિનું




જેલમાંથી છૂટ્યા બાદ સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. મૃતકના પરિવારે સંજીવ ભટ્ટ અને અન્ય પોલીસ કર્મચારીઓ પર કસ્ટડીમાં ઢોર માર મારવાનો આરોપ લગાવ્યો હતો. આ કેસ દાયકાઓ સુધી અદાલતમાં ચાલ્યો હતો.

### 1996નો ડ્રગ પ્લાન્ટિંગ કેસ (બનાસકાંઠા)

૧૯૯૬માં સંજીવ ભટ્ટ બનાસકાંઠાના એસપી હતા. આ દરમિયાન પાલનપુરની એક હોટેલમાંથી રાજસ્થાનના વકીલ સુમરસિંહ રાજપુરોહિતના રૂમમાંથી અફીણ (ડ્રગ્સ) મળ્યાનો દાવો કરીને તેમની ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં રાજસ્થાન પોલીસની તપાસમાં એવો ખુલાસો થયો કે વકીલ પાસે હોટેલની મિલકત ખાલી કરાવવાના હેતુથી તેમને ખોટી રીતે ફસાવવા અફીણ પ્લાન્ટ કરવામાં આવ્યું હતું. આ કેસ આગળ જતાં તેમના માટે મોટું સંકટ બન્યો.

### 2002ના રમખાણો અને એફિડેવિટ ધમાકેદાર વિવાદ

૨૦૦૨ના ગુજરાત રમખાણો બાદ સંજીવ ભટ્ટ રાષ્ટ્રીય સ્તરે ચર્ચાના કેન્દ્રમાં આવ્યા. વર્ષ ૨૦૧૧માં તેમણે સુપ્રીમ કોર્ટમાં એક સોગંદનામું (Affidavit) દાખલ કરીને દાવો કર્યો કે તેઓ ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ તત્કાલીન મુખ્યમંત્રીના નિવાસસ્થાને યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં હાજર હતા. તેમણે ગંભીર આરોપો લગાવ્યા હતા. જોકે, સુપ્રીમ કોર્ટ દ્વારા નીમાયેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) અને પાછળથી અદાલતે પુરાવાના અભાવે સંજીવ ભટ્ટના આ દાવાઓને ફગાવી દીધા હતા.

### સસ્પેન્શન અને સેવાઓમાંથી બરતરફી

ફરજ પર સતત ગેરહાજર રહેવા, સરકારી વાહનોનો અનધિકૃત ઉપયોગ કરવા અને શિસ્તભંગ જેવા વિવિધ કારણોસર ૨૦૧૧માં કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ઓગસ્ટ ૨૦૧૫માં તેમને આઈપીએસ સેમાંથી સત્તાવાર રીતે બરતરફ (Dismiss) કરી દેવાયા હતા.

### અદાલતોના ચુકાદા અને સજાનો તબક્કો

કાનૂની લડાઈઓ અંતે નિર્ણાયક મોડ પર આવી પહોંચી:

જૂન ૨૦૧૯: જામનગરની સેશન કોર્ટે ૩૦ વર્ષ જૂના કસ્ટોડિયલ ડેથ કેસમાં સંજીવ ભટ્ટને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ (હત્યા) હેઠળ દોષિત ઠેરવીને આજીવન કેદની સજા સંભળાવી.

માર્ચ ૨૦૨૪: બનાસકાંઠા (પાલનપુર) ની વિશેષ એનડીપીએસ કોર્ટે ૧૯૯૬ના ડ્રગ પ્લાન્ટિંગ કેસમાં તેમને દોષિત ઠેરવી ૨૦ વર્ષની જેલની સજા અને રૂ. ૨ લાખનો દંડ ફટકાર્યો.

ઉચ્ચ શિક્ષણ અને જવાબદાર હોદ્દા પરથી શરૂ થયેલી સંજીવ ભટ્ટની મુસાફરી ભારતીય અમલદારશાહીના ઈતિહાસમાં એક અત્યંત ચર્ચિત અને અભ્યાસપાત્ર કિસ્સો બની રહી છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# વિશાળ આંદોલન સામે મોદી સરકાર પ્રથમ વાર ઝૂકી

## ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું દિલ્હીના સત્તાના ગલીયારા માટે કેમ બન્યું સૌથી મોટો આંચકો?

નવી દિલ્હી

કેન્દ્રીય રાજકારણના ઈતિહાસમાં એક એવી ઘટના ઘટી છે જેણે દિલ્હીની સત્તાના સમીકરણોને હચમચાવી મૂક્યા છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું માત્ર એક મંત્રીનું પદ છોડવું નથી, પરંતુ નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકાર માટે અત્યાર સુધીનો સૌથી મોટો નૈતિક અને રાજકીય ઝાટકો માનવામાં આવી રહ્યો છે. છેલ્લાં એક દાયકાથી પણ વધુ સમયના શાસનમાં આ પહેલી વાર બન્યું છે કે, કોઈ વ્યાપક જનઆંદોલન અને વિદ્યાર્થીઓના આક્રોશ સામે ઝૂકીને સત્તાધારી પક્ષના મંત્રીએ રાજીનામું આપવું પડ્યું હોય.

### 'અજેય'ની છબી પર મોટો ઘા

મોદી સરકારની ઓળખ અત્યાર સુધી એવી રહી છે કે તે ગમે તેટલા વિરોધ, વિપક્ષી હંગામા કે આંદોલનો વચ્ચે પણ પોતાના નિર્ણયો કે નેતાઓનો બચાવ કરતી આવી છે. અગાઉ પણ દેશમાં અનેક મોટા આંદોલનો થયા, પરંતુ મંત્રીમંડળમાંથી કોઈનું પણ રાજીનામું આંદોલનના દબાણમાં લેવાયું નહોતું. પરંતુ નીટ (NEET) પેપર લીક અને પરીક્ષા કૌભાંડ બાદ દેશભરના વિદ્યાર્થીઓ અને યુવા શક્તિએ રસ્તા પર ઉતરીને જે આક્રમક વલણ અપનાવ્યું, તેણે સરકારને રક્ષાત્મક મોરચે લાવી દીધી હતી.

વિદ્યાર્થીઓ અને અનેક સંગઠનોના વિરોધ પ્રદર્શન વચ્ચે જે રીતે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું સામે આવ્યું છે, તેણે એ સાબિત કરી દીધું છે કે જનતાનો આક્રોશ જ્યારે સીમા વટાવે છે ત્યારે સત્તાના આસન પણ ડોલવા લાગે છે.

શા માટે આ ઘટના 'ગેમ ચેન્જર' ગણાશે?

૧. યુવા શક્તિનો વિજય: દેશના લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થયેલા ખિલવાડ સામે ઉઠેલો અવાજ આખરે દિલ્હીના કટોકટી ભરેલા કમરાઓ સુધી પહોંચ્યો. આ ઘટનાએ સાબિત કર્યું કે વિદ્યાર્થીઓ અને યુવાનો જો એક થાય તો તે કેન્દ્ર સરકારને પણ દબાણમાં લાવી શકે છે.

૨. વિપક્ષને મળ્યું નવું સંજીવની બુસ્ટર: અત્યાર સુધી વિપક્ષી દળો સરકાર સામે મુદ્દાઓ તો ઉઠાવતા હતા, પણ સરકાર તરફથી કોઈ મોટું રાજીનામું મેળવવામાં નિષ્ફળ રહ્યા હતા. હવે ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાથી વિપક્ષને અન્ય મુદ્દાઓ પર પણ સરકારને ઘેરવા માટે મોટું હથિયાર મળી ગયું છે.

૩. સરકાર માટે 'વોર્નિંગ સિગ્નલ': સત્તાના વર્તુળોમાં આ



ઘટનાને ભવિષ્યના મોટા સંકેત તરીકે જોવામાં આવી રહી છે. હવે પછી સરકાર માટે જનતાના વિરોધને અણદેખ્યો કરવો કે આંદોલનોને હળવાશથી લેવું સહેલું નહીં રહે.

ભવિષ્યના રાજકારણ પર આની શું અસર પડશે?

શિક્ષણ મંત્રાલયમાં ઘટેલી આ ઘટના અને ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ હવે અન્ય મંત્રાલયોમાં પણ જવાબદેહી (Accountability)નો મુદ્દો જોર પકડશે. આ નિર્ણયે મોદી સરકારની 'ક્યારેય ન ઝૂકનારી' છબીને તોડીને એ સ્પષ્ટ કરી દીધું છે કે લોકશાહીમાં આખરી તાકાત માત્ર અને માત્ર પ્રજાના અવાજમાં જ હોય છે.

## મુંબઈમાં ઠાકરે બંધુઓનો 'તિરંગા વિજય જલ્લોષ'

### ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા અને વિદ્યાર્થી આંદોલનની સફળતા પર ઉદ્ધવ-રાજ ઠાકરે એક મંચ પર!

મુંબઈ

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા અને દેશભરમાં ચાલી રહેલા વિદ્યાર્થી આંદોલનને મળેલી અભૂતપૂર્વ સફળતા બાદ દેશની આર્થિક રાજધાની મુંબઈમાં ઉત્સવ અને આક્રોશનો અનોખો સંગમ જોવા મળ્યો છે. મુંબઈ ખાતે આજે ઠાકરે બંધુઓ દ્વારા એક વિશાળ 'તિરંગા વિજય જલ્લોષ' રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષો પછી મહારાષ્ટ્રના રાજકારણમાં ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે એક જ મંચ પરથી લોકોને સંબોધિત કરતા નજરે પડ્યા હતા, જેને જોવા માટે હજારોની સંખ્યામાં જનમેદની ઉમટી પડી હતી.




યુવાનોની જીત, સરકારના અહંકારનો પરાજય

રેલીમાં જનમેદનીને સંબોધતા ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેએ દેશના યુવાનો અને વિદ્યાર્થી આંદોલનકારીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું એ માત્ર એક મંત્રીનું પદ છોડવું નથી, પરંતુ આ દેશના લાખો વિદ્યાર્થીઓ અને યુવાનોના સંઘર્ષની સૌથી મોટી જીત છે. સરકારે યુવાનોની તાકાત સામે ઝૂકવું પડ્યું છે અને આ તો માત્ર શાનદાર શરૂઆત છે.

હજારોની મેદની અને તિરંગાથી છવાયેલું મુંબઈ

આ રેલીમાં હાથમાં રાષ્ટ્રધ્વજ તિરંગો લઈને હજારો યુવાનો, વિદ્યાર્થીઓ અને આંદોલનકારીઓ રસ્તા પર ઊતરી આવ્યા હતા. 'તિરંગા વિજય જલ્લોષ'ના નારાઓથી સમગ્ર મુંબઈ ગુંજી ઉઠ્યું હતું. CJP પ્રદર્શન અને દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો બાદ મુંબઈની આ રેલીએ દેશના રાજકારણમાં એક નવો વળાંક લાવી દીધો છે.

સરકાર સામે આરપારની લડાઈનો શંખનાદ

સભાને સંબોધતા બંને નેતાઓએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, પેપર લીક અને શિક્ષણ ક્ષેત્રે થતા ભ્રષ્ટાચાર સામે હવે આખો દેશ જાગી ગયો છે. માત્ર એક રાજીનામાથી આંદોલન પૂરું નહીં થાય, પરંતુ વિદ્યાર્થીઓ અને યુવાનોના ભવિષ્ય સાથે રમત રમનારા દરેક જવાબદાર વ્યક્તિ સામે કાર્યવાહી થાય ત્યાં સુધી આ લડાઈ ચાલુ રહેશે. ઠાકરે બંધુઓનું એક જ મંચ પર આવવું અને આટલી મોટી સંખ્યામાં લોકોનું સમર્થન મળવું એ સંકેત આપે છે કે આ મુદ્દો હવે માત્ર શિક્ષણ પૂરતો મર્યાદિત નથી રહ્યો, પરંતુ એક મોટું રાજકીય અને સામાજિક આંદોલન બની ચૂક્યો છે.

## રાઉન્ડ લેવલના નેતાથી લઈને શિક્ષણ મંત્રી સુધીની સફળ સફર: જાણો પ્રહલાદ જોશીના જીવન અને રાજકીય કારકિર્દીની રસપ્રદ વાતો

નવી દિલ્હી / અમદાવાદ

જે વ્યક્તિને તમે વર્ષોથી મોદી સરકારના અનુભવી અને વરિષ્ઠ મંત્રી તરીકે ઓળખો છો, તેમની પાછળ એક સંઘર્ષપૂર્ણ ઈતિહાસ છુપાયેલો છે. દેશનું શિક્ષણ મંત્રાલય આજે એક એવા નેતાના હાથમાં સોંપાયું છે જેમણે પોતાની રાજકીય કારકિર્દીની શરૂઆત કોઈ રાજવી ઘરાનામાંથી નહીં, પરંતુ રસ્તા પરના આંદોલનો અને જનતા વચ્ચે રહીને કરી હતી.

હાલમાં જ, 25 જુલાઈ 2026થી દેશના નવા શિક્ષણ મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળનારા પ્રહ્લાદ જોશીની આ સફર દરેક યુવા માટે પ્રેરણાદાયી છે.

### સામાન્ય મધ્યમવર્ગીય પરિવારથી RSS સુધીની સફર

27 નવેમ્બર 1962ના રોજ કર્ણાટકના વિજયપુરામાં જન્મેલા પ્રહ્લાદ જોશી અત્યંત સામાન્ય મધ્યમવર્ગીય પરિવારમાં ઉછેર પામ્યા હતા. તેમના પિતા ભારતીય રેલવેમાં કર્મચારી તરીકે સેવા આપતા હતા. બાળપણથી જ સાદગી અને શિસ્તના વાતાવરણમાં ઉછરેલા પ્રહ્લાદ જોશીએ B.A. (આર્ટ્સ) સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો. યુવાનીના તબક્કામાં જ તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વિચારોથી પ્રભાવિત થઈને સંઘ સાથે જોડાયા અને રાષ્ટ્રસેવાનો સંકલ્પ લીધો.



### હુબ્બલ્લીનું તિરંગા આંદોલન અને રાજકીય ઓળખ

1990ના દાયકામાં કર્ણાટકના હુબ્બલ્લી સ્થિત 'ઈદગાહ મેદાન'માં રાષ્ટ્રધ્વજ ફરકાવવાને લઈને ચાલેલું 'તિરંગા આંદોલન' દેશભરમાં ચર્ચાનો વિષય બન્યું હતું. આ આંદોલનમાં પ્રહ્લાદ જોશીએ અગ્રણી ભૂમિકા ભજવી હતી. રસ્તા પર ઊતરીને કરેલા આ આંદોલને તેમને કર્ણાટકના રાજકારણમાં એક મજબૂત અને પ્રખર નેતા તરીકે પ્રસ્થાપિત કર્યા. આ ઘટના તેમના રાજકીય જીવનનો સૌથી મોટો ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ.

### ધારવાડથી સતત 5 વખત સાંસદ બની રચ્યો ઈતિહાસ

તિરંગા આંદોલન બાદ ભારતીય જનતા પાર્ટીમાં તેમની સક્રિયતા વધતી ગઈ. 2004: પ્રથમ વખત કર્ણાટકની ધારવાડ (તત્કાલીન ધારવાડ ઉત્તર) લોકસભા બેઠક પરથી ચૂંટણી લડી અને ભવ્ય વિજય મેળવ્યો. સતત 5 વિજય: 2004 પછી 2009, 2014, 2019 અને 2024ની લોકસભા ચૂંટણીમાં તેમણે ધારવાડ બેઠક પરથી સતત પાંચ વખત જીત મેળવીને અજેય નેતા તરીકે ઈતિહાસ રચ્યો. મોદી સરકારમાં મહત્વના મંત્રાલયોની સફળતાપૂર્વક જવાબદારી પ્રહ્લાદ જોશી તેમની વહિવટી કુશળતા અને શાંત છતાં મક્કમ સ્વભાવ માટે જાણીતા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારમાં તેમણે અનેક મહત્વપૂર્ણ મંત્રાલયોનો કાર્યભાર નિષ્ઠાપૂર્વક સંભાળ્યો છે: સંસદીય કાર્ય મંત્રાલય (Parliamentary Affairs) કોલસા અને ખાણ મંત્રાલય (Coal and Mines) ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય (Consumer Affairs, Food and Public Distribution) નવીનીકરણીય ઊર્જા મંત્રાલય (New and Renewable Energy)

### પારિવારિક પૃષ્ઠભૂમિ

સરળ અને શાંત વ્યક્તિત્વ ધરાવતા પ્રહ્લાદ જોશીના પરિવારમાં તેમની પત્ની જ્યોતિ જોશી અને ત્રણ પુત્રીઓ છે. જાહેર જીવનની મોટી જવાબદારીઓ વચ્ચે પણ તેઓ હંમેશા પોતાના પરિવાર અને સંસ્કારોને પ્રાથમિકતા આપતા આવ્યા છે.

## પાપ-પુણ્યનો ત્રાજવો અને ભક્તિનો પરમ પ્રવાહ: અંજારની ધરતી પર જેસલ-તોરલની અમર આધ્યાત્મિક સફર

કચ્છની ખમીરવંતી ધરા માત્ર શૌર્ય અને લોકવાયકાઓનું કેન્દ્ર નથી, પરંતુ તે પરમ આધ્યાત્મિક રૂપાંતરણની પણ એક અદ્ભુત લીલાભૂમિ છે. આ પવિત્ર ભૂમિના ઈતિહાસમાં જ્યારે પણ ભક્તિની પરાકાષ્ઠા, ત્યાગ અને ગુરુમહિમાના પ્રકરણો ચર્ચાશે, ત્યારે અંજાર મધ્યે બિરાજતા સંત જેસલ જાડેજા અને સતી તોરલ દેની પાવન કથા સુવર્ણ અક્ષરે યાદ કરવામાં આવશે. સદીઓ પૂર્વે ઘટેલી આ અલૌકિક ઘટના માત્ર શ્રદ્ધાનો વિષય નથી, પરંતુ તે માનવ હૃદયના પરિવર્તનની અને પાપમાંથી પુણ્ય તરફના પ્રયાણની એક વૈશ્વિક મિસાલ છે.



લોકસાહિત્ય અને ઐતિહાસિક સ્ત્રોતો અનુસાર, જેસલ જાડેજા કાઠીયાવાડ અને કચ્છ પંથકમાં એક ખૂંખાર બહારવટિયા અને લૂંટારા તરીકે કુખ્યાત હતા. તેમનો આતંક એટલો પ્રચંડ હતો કે લોકો તેમના નામ માત્રથી ધ્રુજી ઊઠતા હતા. પરંતુ સમયના ગર્ભમાં વિધાતાએ તેમના માટે કંઈક જુદું જ નિર્માણ કર્યું હતું. સાસણ-ગીર પંથકના કાઠી દરબાર સાસતિયાજીના ધર્મપત્ની તોરલ દે એક ઉચ્ચ કોટિના સતી અને સિદ્ધ સાધ્વી હતા. જેસલ જ્યારે તોરલ દેના પરમ પૂજ્ય સતીત્વ અને તેમની તોરી ઘોડીની કીર્તિ સાંભળીને લૂંટના ઈરાદે ત્યાં પહોંચ્યા, ત્યારે સતી તોરલના તેજસ્વી વ્યક્તિત્વ અને આધ્યાત્મિક વચનોની સચોટ અસર તેમના અંતર આત્મા પર થઈ. તોરલ દેએ જેસલને શસ્ત્રો છોડી શાસ્ત્રો અને ભક્તિનો માર્ગ અપનાવવા પ્રેરિત કર્યા, અને આ સાથે જ જેસલના જીવનની દિશા બદલાઈ ગઈ.

જ્યારે જેસલ અને તોરલ દે સમુદ્ર માર્ગે કચ્છ તરફ પ્રયાણ કરી રહ્યા હતા, ત્યારે મધ્ય દરિયે એક ભયંકર તોફાન આવ્યું. મોજાંઓની પ્રચંડ થપાટો વચ્ચે જ્યારે નાવ ડૂબવા લાગી, ત્યારે કાળની સામે ઊભેલા ખૂંખાર બહારવટિયા જેસલનું હૃદય ભયથી કાંપી ઊઠ્યું. એ કટોકટીની ક્ષણે સતી તોરલ દેએ જેસલને પોતાના પાપોનો પશ્ચાતાપ કરવા અને ઈશ્વર સમક્ષ એક-એક પાપ પ્રગટ કરી હૃદયને શુદ્ધ કરવા આદેશ આપ્યો. ભયભીત જેસલે ત્યાં દરિયાની અધવચ્ચે પોતાના જીવનના તમામ ગુનાઓ અને પાપોની કબૂલાત કરી દીધી. લોકજીવનના સુપ્રસિદ્ધ ભજન 'જેસલ કરી લે તોબા, તારા પાપ પ્રગટ કર હામ' માં આ જ પળનું હૃદયસ્પર્શી આલેખન છે. જેસલની સાચી નમ્રતા અને પશ્ચાતાપના કારણે સમુદ્રનું એ તોફાન શમી ગયું અને નાવ સુખરૂપ કિનારે પહોંચી. આ ઘટના બહારવટિયા જેસલમાંથી સંત જેસલ બનવાનું પ્રથમ સોપાન બની રહી.

ત્યારબાદ અંજારની પવિત્ર ભૂમિ પર જેસલ અને તોરલ દેએ આરાધના અને ભક્તિનો અવિરત યજ્ઞ શરૂ કર્યો. જેસલે પોતાના બાકીના જીવનને લોકસેવા, હરિભજન અને આત્મસાધનામાં હોમી દીધું. સમય જતાં સંત જેસલે જ્યારે પોતાની મહાસમાધિનો સમય નિશ્ચિત કર્યો, ત્યારે સતી તોરલે પણ આ નશ્વર દેહનો ત્યાગ કરી તેમની સાથે જ જીવંત સમાધિ સ્વીકારી લીધી. અંજાર મધ્યે આજે પણ આ બંને પરમ આત્માઓની પવિત્ર સમાધિઓ સાથે-સાથે અકબંધ મોજૂદ છે, જે સદીઓ પછી પણ લાખો શ્રદ્ધાળુઓ માટે આસ્થા અને દૈવી ઉર્જાનું મોટું કેન્દ્ર છે.

આજે ન્યૂઝ પેપરના વાચકો સમક્ષ આ લેખ પ્રસ્તુત કરતા એ ગૌરવ અનુભવાય છે કે, જેસલ-તોરલનો આ ઈતિહાસ એ વાતનું પ્રબળ પ્રમાણ છે કે ગમે તેટલો ભયંકર ગુનેગાર કે પાપી માણસ હોય, પણ જો તેને સાચા ગુરુનો ઓથ અને ભક્તિનો માર્ગ મળે, તો તેના અંતરનું સદંતર રૂપાંતરણ શક્ય છે. અંજારની આ પવિત્ર જોડી આજે પણ આપણી સનાતન સંસ્કૃતિના અમર પ્રતીક સમાન છે, જે ભવસાગર તરવા માટે માત્ર પવિત્રતા અને ભક્તિનો જ પંથ સાચો છે તેની અવિરત પ્રેરણા આપતી રહે છે.

**- રૂપેશ સોલંકી**

## કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયનો રોચક ઈતિહાસ: ધર્મેન્દ્ર પ્રધાન પહેલાંના ત્રણ પૂર્વ મંત્રીઓ કેબિનેટમાંથી બહાર, શું છે આ ચર્ચિત સંયોગ?

નવી દિલ્હી / અમદાવાદ

કેન્દ્રીય રાજકારણ અને મોદી કેબિનેટમાં શિક્ષણ મંત્રાલયનો એક આગવો અને રોચક ઈતિહાસ રહ્યો છે. હાલમાં ધર્મેન્દ્ર પ્રધાન આ મહત્ત્વની જવાબદારી સંભાળી રહ્યા છે, પરંતુ તેમના પહેલાં આ પદ પર રહી ચૂકેલા અગાઉના ત્રણેય પૂર્વ શિક્ષણ મંત્રીઓને લઈને એક રસપ્રદ ચર્ચા રાજકીય ગલિયારામાં જોર પકડી રહી છે.



મહત્ત્વની વાત એ છે કે ધર્મેન્દ્ર પ્રધાન પહેલાં જે પણ નેતાઓ શિક્ષણ મંત્રી (અગાઉ HRD મંત્રી) તરીકે સેવા આપી ચૂક્યા છે, તેઓ પદ પરથી હટાવવામાં આવ્યા બાદ થોડાં જ વર્ષોમાં અલગ-અલગ કારણોસર કેન્દ્રીય કેબિનેટમાંથી પણ ગાયબ થઈ ગયા.

અગાઉના મંત્રીઓ અને તેમનો ગ્રાફ

મોદી સરકારના અગાઉના કાર્યકાળમાં શિક્ષણ મંત્રાલયનો કારભાર સંભાળનારા નેતાઓમાં સ્મૃતિ ઈરાની, પ્રકાશ જાવડેકર અને રમેશ પોખરીયાલ 'નિશંક'નો સમાવેશ થાય છે.

શરૂઆતમાં માનવ સંસાધન વિકાસ (HRD) મંત્રી તરીકે સ્મૃતિ ઈરાનીએ જવાબદારી સંભાળી હતી. ત્યારબાદ આ મંત્રાલય પ્રકાશ જાવડેકર પાસે ગયું અને પછી રમેશ પોખરીયાલ 'નિશંક' શિક્ષણ મંત્રી બન્યા. જોકે, આ ત્રણેય નેતાઓ આ મંત્રાલયમાંથી હટ્યા બાદ સમયાંતરે કેન્દ્રીય કેબિનેટની મુખ્ય ભૂમિકાઓમાંથી બહાર થઈ ગયા.

રાજકીય ગલિયારામાં ચર્ચા

રાજકીય વિશ્લેષકોના મતે, શિક્ષણ મંત્રાલય એ દેશની નીતિઓ અને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) જેવા મોટા નિર્ણયો માટે અત્યંત સંવેદનશીલ અને મહત્ત્વનું મંત્રાલય માનવામાં આવે છે. આ પદ પર રહ્યા બાદ નેતાઓનું કેબિનેટમાંથી બહાર થવું એ માત્ર એક સંયોગ છે કે રાજકીય સમીકરણોનો ભાગ, તે અંગે હાલ રાજકારણમાં ભારે ચર્ચા જાગી છે.



### રેલવે સર્વેના નામે જમીન માપવા આવતા

# સર્વેયરો સામે થેરકામાં આદિવાસી સમાજનો ઉગ્ર વિરોધ

**■ પંચ કૃષ્ણ મુકામે ગ્રામજનોની બેઠક યોજાઈ : "ગરીબ આદિવાસી ખેડૂત પોતાની હકની એક ઇંચ જમીન પણ નહીં આપે" – આમરણ ઉપવાસ સહિત ઉગ્ર આંદોલનની ચીમકી**

ઝાલોદ, પંકજ પંડિત

ઝાલોદ તાલુકાના થેરકા ગામમાં રેલવે માટે સર્વે કરવા સર્વેયરો આવ્યા હોવાની વાતને લઈને આદિવાસી સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આજે થેરકા ગામના આદિવાસી સમાજના લોકો પંચ કૃષ્ણ મુકામે એકત્રિત થયા હતા અને બેઠક યોજી રેલવે સર્વેના વિરોધમાં ખુલ્લો વિરોધ દર્શાવ્યો હતો.

આદિવાસી સમાજના લોકોનું કહેવું છે કે, તેમની જમીન તેમના પરિવારની રોજગારી અને જીવનનિર્વાહનું મુખ્ય સાધન છે. આવી સ્થિતિમાં વિકાસના નામે વારંવાર ગરીબ આદિવાસી ખેડૂતોની જમીન ઉપર નજર કરવામાં આવી રહી હોવાની લાગણી સમાજમાં ઉદ્ભવી છે.

ગ્રામજનો અને આદિવાસી સમાજમાં એવો સવાલ ઉઠી રહ્યો છે કે, અગાઉ કોરિડોર, એરપોર્ટ અને જી.આઈ.ડી.સી. સહિતના વિવિધ પ્રોજેક્ટોના નામે આદિવાસી સમાજની જમીનો લેવામાં આવી હોવાના આક્ષેપો વચ્ચે હવે રેલવેના નામે પણ ગરીબ ખેડૂતોની જમીન છીનવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ગ્રામજનોનો સ્પષ્ટ સુર છે કે, "વિકાસના નામે ગરીબ આદિવાસી ખેડૂતોની જમીન છીનવીને તેમને પોતાની જ જમીનથી વંચિત કરવામાં આવશે તો આ અન્યાય સામે સમગ્ર સમાજ એક થઈને લડશે." સરકારી પત્ર મુજબ, મેસર્સ મોનાર્ક સર્વેયર્સ એન્ડ એન્જિનિયરિંગ કન્સલ્ટન્ટ્સ લિમિટેડ, પુણેને નિમચ-બાંસવાડા-દાહોદ-અલીરાજપુર-નંદુરબાર વચ્ચે નવી બીજી રેલવે લાઈન માટે અંતિમ સ્થાન સર્વે (FLS) અને વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) તૈયાર કરવાની કામગીરી સોંપવામાં આવી છે.આ કામગીરી અંતર્ગત એન્જિનિયરિંગ પ્રવૃત્તિ, ટ્રાફિક સર્વે, ઓરિજિન-ડેસ્ટિનેશન સર્વે, કોમોડિટી ફ્લો સર્વે, ટ્રાફિક વોલ્યુમ સર્વે, ઔદ્યોગિક સર્વે તથા ઓપરેશનલ અને લોજિસ્ટિક્સ સંબંધિત માહિતી એકત્રિત કરવાની કામગીરીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત થાંભલાઓનું કાસ્ટિંગ કરી તેમને યોગ્ય સ્થળે ઉભા કરવા, જીઓ-ટેકનિકલ તપાસ, લેવલિંગ, DGPS સર્વે, ટોટલ સ્ટેશન, ડ્રોન લિડર સર્વે સહિત FLS સાથે જોડાયેલી અન્ય કામગીરી હાથ ધરવાની પણ સરકારી પત્રમાં માહિતી આપવામાં આવી છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, ડ્રોન સહિતના આધુનિક સાધનો દ્વારા વિસ્તારની જમીનનો સર્વે અને માપણી કરવામાં આવી હોવાની વાત સામે આવી છે. જેના પગલે ખેડૂતોમાં વધુ ચિંતા અને રોષ ફેલાયો છે. ગ્રામજનોનું કહેવું છે કે, "અમારી મંજૂરી વિના અમારી જમીન ઉપર સર્વે કે માપણી કરવામાં આવે તે કોઈપણ સંજોગોમાં સ્વીકાર્ય નથી." આજે પંચ કૃષ્ણ મુકામે યોજાયેલી બેઠકમાં થેરકા ગામના આદિવાસી સમાજના લોકો દ્વારા એકસુરે વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ગ્રામજનોનો સ્પષ્ટ સુર હતો કે, "ગરીબ આદિવાસી પોતાની હકની એક ઈંચ જમીન પણ નહીં આપે. જમીન જ અમારી રોજગારી, જીવન અને આવતી પેઢીનું ભવિષ્ય છે."



### જિલ્લાના ઝોઝ પોલીસ સ્ટેશનની પ્રોહિબિશન કાયદા હેઠળ મોટી કાર્યવાહી

# ઝોઝ પોલીસે ₹5.14 લાખના વિદેશી દારૂના જથ્થા સાથે ટ્રેક્ટર-ટ્રોલી ઝડપી, બે ઝડપાયા

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

જિલ્લાના ઝોઝ પોલીસ સ્ટેશને પ્રોહિબિશન કાયદા હેઠળ મોટી કાર્યવાહી કરતાં મોજે લીંબાણી ગામે રોડના વળાંક પાસે દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે કુલ 5,14,480ના મુદ્દામાલ સાથે બે આરોપીઓને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ મહાનિરીક્ષક સંદીપસિંહ (વડોદરા રેન્જ) અને પોલીસ અધિક્ષક ઈમ્તિયાઝ શેખના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં દારૂબંધીના કાયદાનો કડક અમલ કરવા તથા પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા માટે સૂચનાઓ આપવામાં આવી હતી. તે અંતર્ગત નાયબ પોલીસ અધિક્ષક





કે.એચ. સુર્યવંશીના માર્ગદર્શન હેઠળ ઝોઝ પોલીસ ઈન્સ્પેક્ટર જે.ડી. વસાવા તથા તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન મોજે લીંબાણી ગામે રોડના વળાંક પાસે નંબર પ્લેટ વગરના ટ્રેક્ટર-ટ્રોલીની તપાસ કરતાં તેમાં બનાવવામાં આવેલા ચોરખાનામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ 928 બોટલો, અંદાજિત 2,54,480નો જથ્થો મળી આવ્યો હતો. ઉપરાંત દારૂની હેરાફેરીમાં વપરાયેલ ટ્રેક્ટર-ટ્રોલી (કિંમત 2,50,000) અને બે મોબાઈલ ફોન (કિંમત 10,000) મળી કુલ 5,14,480નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. ઝોઝ પોલીસે સ્થળ પરથી નિલેશભાઈ જુવાનસિંહભાઈ રાઠવા (રહે. કાકડપા ડોલર ફળિયા, છોટાઉદેપુર) તથા *નિહાગભાઈ કેશવભાઈ રાઠવા (રહે. નાથપુરા કુવા ફળિયા, તા. ઘોઘંબા, જી. પંચમહાલ)*ને ઝડપી પાડી તેમની સામે પ્રોહિબિશન અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

### પાક્કો ગુજરાત ન્યૂઝના અહેવાલનો ધમાકો

# ઊંઘતું તંત્ર જાગ્યું ખરું, પણ ભ્રષ્ટાચારની ટેવ ન છૂટી! : પાવીજેતપુરમાં પાણી ભરેલા ખાડામાં મટિરિયલ હોમી દેવાયું

પાવીજેતપુર (ઇમરાન મિર્ઝા)

જનતાના અવાજને વાચા આપતા 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ના અહેવાલની ધારદાર અસર જોવા મળી છે. છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર ખાતે નેશનલ હાઈવે નં. 56 પર આવેલા રેલવે ગરનાળા પાસે માત્ર છ જ મહિનામાં ચૂરચૂર થઈ ગયેલા RCC રોડ અંગે સમાચાર પ્રકાશિત થતાં જ ભ્રષ્ટ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, સરકારી બાબુઓ અને કોન્ટ્રાક્ટરની મેલી મુરાદ અહીં પણ





છતી થઈ ગઈ છે. જાગ્યા ત્યારથી ભ્રષ્ટાચાર! સમારકામના નામે કાગળ પર કામ બતાવીને સરકારી ચોપડે નાણાં પચાવી પાડવાનો નવો ખેલ શરૂ થયો હોય તેમ ભીના ખાડામાં જ મટિરિયલ પધરાવી દેવાતાં લોકરોષ ચરમસીમાએ પહોંચ્યો છે. સ્થળ પરથી ઝીણવટપૂર્વક લેવાયેલા દ્રશ્યોમાં તંત્રની નરી નાપાકતા અને બેદરકારી છતી થાય છે. ચોમાસાના કારણે રોડ પર પડી ગયેલા ઊંડા ખાડાઓમાં લીટરના હિસાબે વરસાદી પાણી ભરેલું છે. નિયમ મુજબ પહેલાં પાણી નિતારી, રોડ સુકવીને યોગ્ય પ્રોસેસ સાથે સમારકામ કરવાનું હોય છે. પરંતુ અહીં તો પાણી પણ બહાર કાઢવાની તસદી લીધા વિના સીધું જ મટિરિયલ ખાડામાં હોમી દેવામાં આવ્યું છે. આ જોઈને સ્થાનિકો પણ આશ્ચર્યચકિત થઈ ગયા છે કે, 'પાણીમાં સીમેન્ટ-કાંકરી નાખીને રસ્તો બને કે ગારો?' આ કામગીરી ટકાઉ બનવાના બદલે પહેલા જ વરસાદે ધોવાઈ જવાની પૂરેપૂરી શક્યતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, લાખો રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલો આ RCC રોડ છ મહિના પણ પૂરા ટકી શક્યો નહોતો. તંત્ર અને કોન્ટ્રાક્ટરની મિલીભગતથી થયેલા નબળા બાંધકામનો પર્દાફાશ 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા કરવામાં આવ્યો હતો.

# દેવગઢ બારિયા નગરપાલિકા સંચાલિત પે એન્ડ યુઝ જાહેર શૌચાલય બંધ હાલતમાં પ્રજાને ભારે હાલાકી

દેવગઢ બારીઆ, જાબીર શુક્લા

દેવગઢ બારીયા નગરના ચેનપુર રોડ પર આવેલ નગરપાલિકા સંચાલિત પે એન્ડ યુઝ જાહેર શૌચાલય હાલ અત્યંત ખંડેર હાલતમાં ફેરવાઈ ગયું છે. મુખ્ય માર્ગ પર આવેલું આ જાહેર શૌચાલય લાંબા સમયથી બંધ પડ્યું હોવાનું જોવા મળી રહ્યું છે. આ શૌચાલયના દરવાજા પર તાળા લાગેલા હોવાથી સ્થાનિક નાગરિકો અને મુસાફરો તેમજ વેપારીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જેમાં સ્થાનિકોના જણાવ્યા મુજબ જાહેર શૌચાલય બંધ રહેવાના કારણે ખાસ કરીને મહિલાઓ , વડીલો અને બહારગામથી આવતા લોકોને વધુ અગવડતા ભોગવવી પડે છે. પે એન્ડ યુઝની સુવિધા હોવા છતાં તેનો





લાભ લોકોને મળતો નથી જેના કારણે લોકોમાં નગરપાલિકાની કામગીરી અંગે અસંતોષ જોવા મળી રહ્યો છે. નગરપાલિકા દ્વારા જાહેર સુવિધાઓના નિયમિત જાળવણી અને સફાઈની જવાબદારી નિભાવવામાં બેદરકારી દાખવાઈ રહી હોવાના આક્ષેપો પણ ઉઠી રહ્યા છે. નાગરિકોએ માંગ કરી છે. કે, જાહેર શૌચાલયનું તાત્કાલિક સમારકામ કરીને તેને ફરી શરૂ કરવામાં આવે જેથી લોકોને પડતી મુશ્કેલીઓનો અંત આવે.

### રાયસણના યુવાનોએ જાતે ખાડા પૂરી શાસક-વિપક્ષને અરીસો બતાવ્યો

# આઇકોનિક રોડ પર ભ્રષ્ટાચારના પોપડા ઉખડ્યા: મહાનગરપાલિકા તંત્ર અને નેતાઓ ઊંઘતા રહ્યા...!

ગાંધીનગર

ગાંધીનગરના ભાઈજીપુરાથી પીડીપીયુ સુધી અંદાજે 114 કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા શહેરના પ્રથમ આઈકોનિક રોડ પર ચોમાસાના પ્રથમ રાઉન્ડમાં જ ઠેર-ઠેર મોટા ખાડા પડી ગયા છે. સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે બિસ્માર બનેલા આ રસ્તાને કારણે વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. સતત ત્રણ દિવસથી રસ્તો ખખડધજ હોવા છતાં ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મરામતનું કોઈ કામ હાથ ન ધરાતા, રાયસણના સ્થાનિક યુવાનોએ સ્વયંભૂ તગારા અને પાવડા લઈને ખાડા પૂરવાનું કામ પૂર્ણ કર્યું હતું.

આ બિસ્માર રસ્તો ગાંધીનગરના મેયર મીરાબેન પટેલના વોર્ડમાં આવે છે અને ત્યાં જ શહેર કોંગ્રેસ પ્રમુખની ઓફિસ પણ આવેલી છે.



શાસક અને વિપક્ષ બંનેના નેતાઓના ક્ષેત્રમાં જ રસ્તો અત્યંત જર્જરિત બન્યો હોવા છતાં નાગરિકોની સમસ્યા ઉકેલવા માટે તંત્ર કે રાજકીય પક્ષો તરફથી કોઈ યોગ્ય પગલાં લેવામાં આવ્યા નહોતા.

તંત્રની નિષ્ક્રિયતા સામે રાયસણના સ્થાનિક યુવાનોએ કોઈ પણ રાજકીય બેનર કે સહયોગ વિના જાતે સમારકામ કરવાનો નિર્ણય લીધો હતો. યુવાનોએ આસપાસના વિસ્તારમાંથી રેતી અને રોઢા એકઠા કરી જાતે શ્રમદાન કરીને ખાડાઓનું પુરાણ કર્યું હતું. સ્થાનિક યુવાન જય પટેલના જણાવ્યા મુજબ, આ કામગીરી કોઈ રાજકીય વિરોધ માટે નહીં પરંતુ દરરોજ પસાર થતાં વાહનચાલકોને અકસ્માતથી બચાવવા અને મુશ્કેલી દૂર કરવા માટે કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, કરોડોના બજેટ ધરાવતી મહાનગરપાલિકાની બેદરકારી સામે સ્થાનિક યુવાનોએ બતાવેલી આ જવાબદાર પહેલની હાલ સમગ્ર ગાંધીનગરમાં પ્રશંસા થઈ રહી છે.

# ભારે વરસાદ વચ્ચે ટ્રાફિક પોલીસ મેદાનમાં, જોખમી સ્થળે બેરિકેડ મૂકી વાહનચાલકોને એલર્ટ કરાયાં

ગાંધીનગર

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા અવિરત ભારે વરસાદના કારણે મુખ્ય માર્ગો ઉપરાંત આંતરિક રસ્તાઓ પર પણ ઠેરઠેર પાણી ભરાઈ ગયા છે. અનેક સ્થળોએ રોડ ધોવાઈ જવા, ભુવા અને ખાડા પડવાની ઘટનાઓ સામે આવી રહી છે. આવી સ્થિતિમાં કોઈ અનિચ્છનીય અકસ્માત ન બને તે માટે ગાંધીનગર ટ્રાફિક પોલીસે ખાસ કામગીરી હાથ ધરી છે.

ટ્રાફિક પોલીસના જવાનો શહેરના વિવિધ વિસ્તારોમાં પગપાળા ફરીને જોખમી સ્થળોની ઓળખ કરી રહ્યા છે. જ્યાં પાણી ભરાવાને કારણે રસ્તાની સ્થિતિ સ્પષ્ટ દેખાતી નથી અથવા રોડ પર ખાડા પડ્યા છે, ત્યાં તરત જ બેરીકેડ મૂકીને વાહનચાલકોને સાવચેત કરવામાં આવી રહ્યા છે.



પોલીસ દ્વારા મુખ્ય માર્ગો ઉપરાંત રહેણાંક વિસ્તારોના આંતરિક રસ્તાઓ પર પણ સતત નજર રાખવામાં આવી રહી છે. જ્યાં જરૂર જણાય ત્યાં વાહનચાલકોને માર્ગ બદલવા અથવા ધીમી ગતિએ વાહન ચલાવવા સૂચના આપવામાં આવી રહી છે.

### વાહનચાલકો ત્રાહિમામ, મોટી હોનારતની ભીતિ

# ડભોઇ-સ્ટેચ્યુ ઓફ યુનિટી માર્ગ પર કુંઢેલાથી બુજેઠા વચ્ચે રખડતા ઢોરનો ત્રાસ

**દિવસે તો માર્ગ પર ગાયોનો જમાવડો રહે જ છે, પરંતુ રાત્રિના સમયે પરિસ્થિતિ વધુ ગંભીર બની જાય છે, પર્યાપ્ત સ્ટ્રીટ લાઇટોના અભાવે અંધારામાં રોડ વચ્ચે બેઠેલા પશુઓ દૂરથી સ્પષ્ટ દેખાતા નથી**

ડભોઇ

વિશ્વપ્રસિદ્ધ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ને જોડતા અત્યંત મહત્વના ડભોઈ તાલુકાના કુંઢેલાથી બુજેઠા માર્ગ પર રખડતી ગાયો અને પશુઓનો ત્રાસ દિન-પ્રતિદિન ચિંતાજનક રીતે વધી રહ્યો છે. માર્ગ પર સતત જમાવડો કરીને બેસતા પશુઓને કારણે વાહનચાલકો, સ્થાનિક ગ્રામજનો અને બહારથી આવતા પ્રવાસીઓ ભારે હેરાન-પરેશાન થઈ ગયા છે.

દિવસે તો માર્ગ પર ગાયોનો જમાવડો રહે જ છે, પરંતુ રાત્રિના સમયે પરિસ્થિતિ વધુ ગંભીર બની જાય છે. પર્યાપ્ત સ્ટ્રીટ લાઈટોના અભાવે અંધારામાં રોડ વચ્ચે બેઠેલા પશુઓ દૂરથી સ્પષ્ટ દેખાતા નથી. જેના કારણે વાહનો અચાનક અથડાવાના, પલટી મારી જવાના અને ગંભીર અકસ્માતો સર્જાવાના બનાવો વારંવાર બની રહ્યા છે.

કુંઢેલાથી લઈને બુજેઠા સુધીના માર્ગ પર આવતા તમામ ગામોના પાદરે અને મુખ્ય રોડ પર ગાયોનો મોટો જમાવડો જોવા મળે છે, જેનાથી સ્થાનિક અવરજવર પણ મુશ્કેલ બની છે. આ માર્ગ દેશ-વિદેશથી સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળવા આવતા પ્રવાસીઓ માટેનો મુખ્ય રૂટ હોવાથી, રસ્તાથી અજાણ્યા વાહનચાલકો માટે આ સ્થિતિ જીવનું જોખમ ઊભું કરી રહી છે. સ્થાનિક



વાહનચાલકે પોતાનો આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, 'રાત્રિના સમયે હાઈવે પર બેઠેલા પશુઓ દૂરેથી દેખાતા નથી. અચાનક બ્રેક મારવી પડે છે અથવા વાહન પલટી મારી જાય છે. તંત્ર દ્વારા વહેલી તકે આ અંગે નક્કર કામગીરી કરવામાં આવે તે ખૂબ જ જરૂરી છે.'

સ્ટેટ હાઈવે ઓથોરિટી અને સંબંધિત વિભાગીય અધિકારીઓની નિષ્ક્રિયતા સામે સ્થાનિક નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોની મુખ્ય માંગણીઓ છે કે: રોડ પર રખડતા પશુઓને તાત્કાલિક ધોરણે પાંજરે પૂરવામાં આવે અથવા ઢોર ડબ્બે પૂરવાની કાયમી વ્યવસ્થા કરવામાં આવે.

# વડોદરાના નિઝામપુરામાં મોટી દુર્ઘટના: પ્રથમ માળેથી કાંસમાં ખાબકેલા શખ્સને ફાયર બ્રિગેડે સમયસૂચકતા વાપરી ઉગારી લીધો

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાના નિઝામપુરા વિસ્તારમાં એક મોટી અને ચોંકાવનારી દુર્ઘટના સામે આવી છે. અહીં અચાનક એક વ્યક્તિ પ્રથમ માળેથી સીધો નીચે આવેલા કાંસમાં (નાળામાં) ખાબકતાં વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. જોકે, ફાયર બ્રિગેડની ટીમે સમયસૂચકતા દાખવીને ત્વરિત કામગીરી કરતાં એક મોટી જાનહાનિ ટળી છે.

બનાવની જાણ થતાં જ સ્થાનિક લોકો એકઠા થઈ ગયા હતા અને તુરંત જ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ઘટના અંગે કંટ્રોલ રૂમને મેસેજ મળતાની સાથે જ ફાયર બ્રિગેડ અને રેસ્ક્યુ ટીમ તાબડતોબ સ્થળ પર પહોંચી ગઈ હતી. સ્થિતિની ગંભીરતાને જોઈને ટીમે તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી.

રેસ્ક્યુ ટીમે અત્યંત સાવચેતી અને ભારે જહેમત બાદ કાંસમાં પડેલી વ્યક્તિને સુરક્ષિત રીતે બહાર કાઢી હતી. ફાયર બ્રિગેડની ઝડપી અને સફળ કામગીરીને કારણે વ્યક્તિનો જીવ બચી ગયો હતો, જે બાદ સ્થાનિકોએ પણ રાહતનો શ્વાસ લીધો હતો. આ વ્યક્તિ કયા સંજોગોમાં પ્રથમ માળેથી નીચે કાંસમાં પડ્યો–અકસ્માતે પગ લપસવાથી કે પછી અન્ય કોઈ કારણોસર–તે અંગે હજુ સુધી સ્પષ્ટતા થઈ નથી. આ મામલે સ્થાનિક પોલીસે ઘટનાસ્થળે પહોંચીને કાયદેસરની તપાસ હાથ ધરી છે.

### 11 જુગારીઓ રોકડ રકમ અને મુદ્દામાલ સાથે ઝડપાયા

# આણંદ LCBનો બોરસદમાં મોટો દરોડો: બાતમીના આધારે જુગારધામ પર ત્રાટકી પોલીસ

આણંદ/બોરસદ

આણંદ જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિઓ અને ગેરકાયદેસર ધંધાઓ પર કડક ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જે અંતર્ગત આણંદ એલસીબી (Local Crime Branch)ની ટીમે બોરસદ ટાઉન પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં બાતમીના આધારે એક સફળ દરોડો પાડીને જુગાર રમી રહેલા ૧૧ ઈસમોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. આ કાર્યવાહીથી વિસ્તારના અસામાજિક તત્વો અને જુગારધામ સંચાલકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. મળતી વિગતો અનુસાર, આણંદ એલસીબી પોલીસ ઈન્સ્પેક્ટરની સૂચનાથી ટીમ બોરસદ ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિબિશન અને જુગાર અંગેના ગુનાઓ અટકાવવા માટે ખાસ પેટ્રોલીંગમાં હતી. આ દરમિયાન એલસીબીના બાતમીદાર મારફતે ચોક્કસ માહિતી મળી હતી કે, બોરસદ ટાઉન વિસ્તારમાં આવેલી એક જગ્યા પર કેટલાક



ઈસમો ભેગા થઈને નાણાંની હાર-જીતનો પાના પત્તાનો જુગાર રમી રહ્યા છે. બાતમી મળતા જ એલસીબીની ટીમે પંચોને સાથે રાખીને બતાવેલી જગ્યા પર અચાનક દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને જુગાર રમી રહેલા ઈસમોમાં ભાગદોડ મચી ગઈ હતી, પરંતુ પોલીસે ચારેય તરફથી કોર્ડન કરીને સ્થળ પરથી જ ૧૧ ઈસમોને ઝડપી પાડ્યા હતા. પોલીસે પકડાયેલા તમામ ઈસમોની અંગજડતી તેમજ જુગારના અખાડા પરથી દાવ પર રાખેલી રોકડ રકમ, મોબાઈલ ફોન અને જુગારનું સાહિત્ય કબ્જે કર્યું છે. એલસીબીએ તમામ ૧૧ ઈસમો સામે બોરસદ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે જુગારધારા હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આણંદ એલસીબીની આ કડક કાર્યવાહીને પગલે બોરસદ અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ચાલતા ગેરકાયદેસર અખાડાઓ પર મોટી બ્રેક વાગી છે.



## આપણા સમાજમાં આ સારું માનવામાં આવતું નથી: હિના

# આમિર ખાનના ત્રીજા લગ્ન પર હિના ખાનની ટિપ્પણીથી મચ્યો વિવાદ

મુંબઇ

આમિર ખાને 5 જુલાઈના રોજ 61 વર્ષની ઉંમરે ગૌરી સ્પ્રેટ સાથે પોતાના ઘરે લગ્ન કર્યા. આ આમિરના આ ત્રીજા લગ્ન છે, જેના કારણે અભિનેતાને વ્યાપકપણે ટ્રોલ કરવામાં આવી રહ્યા છે. તેમના પર "લવ જેહાદ"નો પણ આરોપ લગાવવામાં આવ્યો છે. આ દરમિયાન, ટીવી અભિનેત્રી હિના ખાને આમિરના ત્રીજા લગ્ન વિશે એવી ટિપ્પણી કરી છે કે તે આમિરના ચાહકોના નિશાના પર આવી ગઈ છે.

છેલ્લા એપિસોડમાં, હિનાએ શો દરમિયાન આમિરના ત્રીજા લગ્ન વિશે ચર્ચા કરી. રૂબીનાએ પ્રશ્ન કર્યો કે શું સુપરસ્ટારનું અંગત જીવન તેમના વ્યાવસાયિક જીવનને અસર કરે છે. હિનાએ અસંમત થઈને કહ્યું, "આમીર ખાનની કોઈપણ ફિલ્મ તેના આધારે સફળ ન થવી જોઈએ."

રૂબીના કહે છે કે આમિરનું જીવન ક્યારેય કોઈ મોટા વિવાદમાં ફસાયું નથી, જેના જવાબમાં હિના ગૌરી સ્પ્રેટ સાથેના તેના ત્રીજા લગ્નનો ઉલ્લેખ કરે છે, "શું આ કોઈ ઓછો વિવાદ છે? સામાન્ય લોકો વિચારશે, 'તે શું કરી રહ્યો છે? શું તેણે પણ તેણીને છોડી દીધી છે?'"

આના પર રૂબીનાએ કહ્યું, "આપણે કોઈને જજ કેમ કરીએ છીએ? તેણે આટલી બધી બ્લોકબસ્ટર ફિલ્મો આપી છે, છતાં લોકો તેની સિદ્ધિઓને બદલે તેના લગ્ન પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે." હિનાએ જવાબ આપ્યો કે તે આમિરને જજ નથી કરી રહી, પરંતુ ઉમેર્યું કે "આપણા સમાજમાં આ સારું માનવામાં આવતું નથી." હિના કહે છે, "લગ્ન પછી લગ્ન આપણા સમાજમાં આ બહુ સારું માનવામાં આવતું નથી." રોકી જયસ્વાલ કહે છે, "લગ્ન ભૂલી જાઓ, છૂટાછેડા પણ સારા માનવામાં આવતા નથી."

હવે, એપિસોડ પ્રસારિત થયા પછી, હિના ખાન ટ્રોલ્સથી ઘેરાઈ ગઈ છે. ઘણા લોકોએ કહ્યું કે દેશમાં મોટા મુદ્દાઓ છે. એકે ટિપ્પણી કરી, "અહીં બેસીને ગપસપ કરવાનો શું અર્થ છે?" બીજાએ કહ્યું, "કોઈ બીજાના જીવન પર પંચાયત કરવી ખોટી છે." સોશિયલ મીડિયા વપરાશકર્તાઓ સમાન ટિપ્પણીઓ સાથે હિના અને રૂબીનાને નિશાન બનાવી રહ્યા છે. છેલ્લા એપિસોડમાં, હિનાએ શો દરમિયાન આમિરના ત્રીજા લગ્ન વિશે ચર્ચા કરી. રૂબીનાએ પ્રશ્ન કર્યો કે શું સુપરસ્ટારનું અંગત જીવન તેમના વ્યાવસાયિક જીવનને અસર કરે છે.

**એપિસોડ પ્રસારિત થયા પછી, હિના ખાન ટ્રોલ્સથી ઘેરાઈ ગઈ છે**

# બટવારા 1947'નું ટ્રેલર લૉંચ બનશે ભવ્ય ઈવેન્ટ

## આ ફિલ્મમાં સની દેઓલ સાથે પ્રીતિ ઝિન્ટા, શબાના આઝમી, અલી ફઝલ, કરણ દેઓલ જેવા કલાકારો છે

મુંબઈ

મુંબઈ: સની દેઓલની ફિલ્મ 'બટવારા'ના ટ્રેલરને લઈને મોટી અપડેટ આવી છે. મેકર્સે બે જુદા જુદા શહેરમાં એક ગ્રાન્ડ ઈવેન્ટના માધ્યમથી આ અંગેની જાહેરાત કરવામાં આવશે.મેકર્સે જણાવ્યું કે, ટીમ ટ્રેલર લૉંચ કરવા માટેની તૈયારીઓમાં પડી છે. વાવડ એવા મળી રહ્યા છે કે, બે જુદા-જુદા શહેરમાંથી ટ્રેલરને લૉંચ કરવામાં આવશે. પહેલા જયપુરમાં એકમોટી ઈવેન્ટ થશે અને પછી મુંબઈમાં એક ગ્રાન્ડ ઈવેન્ટ થશે. જેમાંથી ટ્રેલર રિલીઝ થશે. આ ફિલ્મમાં સની દેઓલ સાથે પ્રીતિ ઝિન્ટા, શબાના આઝમી, અલી ફઝલ, કરણ દેઓલ અને અભિમન્યુ સિંહ જેવા કલાકારો છે. રાજકુમાર સંતોષીના બેસ્ટ ડાયરેક્શનમાં બનેલી ફિલ્મમાં ભરપૂર દેશભક્તિના રંગો જોવા મળશે. આમીર પ્રોડક્શનમાં તૈયાર થયેલી ફિલ્મમાં ભરપૂર એક્શન સિકવન્સ અને દેશના ઈતિહાસનું વધુ એક પાનું વિઝ્યુલાઈઝડ કરાવાયું છે. 14 ઓગસ્ટના રોજ આ ફિલ્મ રિલીઝ થશે. આ ફિલ્મનું ટ્રેલર 28 જુલાઈના રોજ રિલીઝ કરવામાં આવશે. જયપુરમાં સિંગલ સ્ક્રિન થિયેટર રાજ મંદિરમાંથી આ ફિલ્મનું ટ્રેલર લૉંચ કરવામાં આવશે. આ માટે ખાસ મીડિયા અને ફેન્સને આમંત્રણ આપવામાં આવશે. આ દરમિયાન સની દેઓલ અને રાજકુમાર સંતોષી પણ જયપુરના મહેમાન બની શકે છે. જયપુરના આઈકોનિક થિયેટર રાજમંદિરમાં એક ખાસ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ પહેલા પણ રાજમંદિરમાં કેટલીય ફિલ્મના ટ્રેલર લૉંચ થઈ ચૂક્યા છે, ફિલ્મી ઈવેન્ટ યોજાઈ ચૂકી છે. જયપુરમાં ટ્રેલર લૉંચ થયા બાદ મુંબઈમાં 29 જુલાઈના રોજ ટ્રેલર રિલીઝ કરવામાં આવશે.મુંબઈમાં થનારી ઈવેન્ટમાં આમીર ખાન પણ ખાસ હાજરી આપે એવી પૂરી શક્યતાઓ છે.




# લગ્નના બે વર્ષ બાદ પતિ માટે શોભિતાએ બનાવ્યું ડિનર

## નાગા ચૈતન્યએ તાજેતરમાં જ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શોભિતાની એક તસવીર શેર કરી

મુંબઈ

સાઉથ સિનેમાના પોપ્યુલર અને ક્યૂટ કપલ નાગા ચૈતન્ય અને શોભિતા ધૂલિપાલા અવારનવાર પોતાની ખાસ કેમેસ્ટ્રીને લઈને ચર્ચામાં રહે છે. આ વખતે કપલની એક રમુજી સોશિયલ મીડિયા પોસ્ટે ચાહકોનું ધ્યાન ખેંચ્યું છે, જેમાં લગ્નના આશરે બે વર્ષ પછી શોભિતા પહેલીવાર પતિ નાગા ચૈતન્ય માટે કિચનમાં રસોઈ બનાવી હતી. નાગા ચૈતન્યની આ પોસ્ટ સોશિયલ મીડિયા પર ખૂબ જ વાઈરલ થઈ રહી છે. નાગા ચૈતન્યએ તાજેતરમાં જ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શોભિતાની એક તસવીર શેર કરી હતી, જેમાં તે તેના માટે સ્પેશિયલ ડિનર બનાવતી જોવા મળી રહી છે. આ પળ નાગા માટે ખૂબ જ ખાસ હતી કારણ કે લગ્ન પછી પહેલીવાર શોભિતાએ પોતાના હાથે તેના માટે ખાવાનું બનાવ્યું હતું. શેર કરાયેલી તસવીરમાં શોભિતા ધૂલિપાલા કેઝ્યુઅલ લુકમાં બે બાઉલ પકડીને સુંદર સ્મિત આપતી જોવા મળે છે. આ ફોટો શેર કરતાં નાગા ચૈતન્યએ મજાકીયા અંદાજમાં કેપ્શન લખ્યું હતું કે લગ્નના આશરે બે વર્ષ પછી વાઈફે મારા માટે ડિનર બનાવ્યું... લાગે છે આજે મેં કંઈક તો સારું કામ કર્યું હશે! પતિની આ પોસ્ટ પર શોભિતાએ પણ તુરંત જ મજેદાર રિએક્શન આપતાં કમેન્ટ સેક્શનમાં લખ્યું હતું કે આ તું મારા વખાણ કરી રહ્યો છે કે પછી મને ટ્રોલ કરી રહ્યો છે? નાગા અને શોભિતા વચ્ચેની આ ક્યૂટ અને રમુજી કેમેસ્ટ્રી ચાહકોને ખૂબ જ પસંદ આવી રહી છે અને ફેન્સ આ પોસ્ટ પર પ્રેમ વરસાવી રહ્યા છે. અહીંયા તમારી જાણકારી માટે કે તમને જણાવી દઈએ કે નાગા ચૈતન્યએ વર્ષ 2017માં સાઉથ એક્ટ્રેસ સામંથા રૂથ પ્રભુ સાથે લગ્ન કર્યા હતા, પરંતુ 2021માં બંનેના છૂટાછેડા (Divorce) થઈ ગયા હતા. ત્યારબાદ 2022થી નાગા અને શોભિતાના ડેટિંગના અહેવાલો આવ્યા હતા. ઓગસ્ટ 2024માં બંનેએ હૈદરાબાદમાં સગાઈ કરી હતી અને તે જ વર્ષના ડિસેમ્બરમાં ધામધૂમથી લગ્નગ્રંથિથી જોડાયા હતા. વાત કરીએ શોભિતા અને નાગા ચૈતન્યના અપકમિંગ પ્રોજેક્ટ્સની તો શોભિતા છેલ્લે તેલુગુ ક્રાઈમ થ્રિલર સિરીઝ 'ચીકાટીલો'માં જોવા મળી હતી.





# સોનાલી બેન્દ્રેએ બોલિવૂડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના રાઝ ખોલી નાંખ્યા

## તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રી હિન્દી સિને ઈન્ડસ્ટ્રી કરતા વધારે ઓર્ગેનાઈઝડ છે: સોનાલી

મુંબઈ

બોલિવૂડ અને સાઉથની ફિલ્મોમાં કામ કરી ચૂકેલી એક્ટ્રેસ સોનાલી બેન્દ્રેએ સાઉથની ફિલ્મોને લઈને મોટી વાત કહી છે. બે-બે ઈન્ડસ્ટ્રીમાં કામ કરી ચૂકેલી એક્ટ્રેસે તુલના કરવાના બદલે મોટી ફેક્ટફાઈલ ખોલી છે. એક્ટ્રેસે કહ્યું હતું કે, તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રી હિન્દી સિને ઈન્ડસ્ટ્રી કરતા વધારે ઓર્ગેનાઈઝડ છે. 90ના દાયકાની જાણીતી એક્ટ્રેસ સોનાલી બેન્દ્રેએ પોતાની ફિલ્મી કરિયરમાં ઘણી તેલુગુ ફિલ્મમાં પણ કામ કર્યું છે. બે-બે ઈન્ડસ્ટ્રીમાં સારો એવો અનુભવ લીધા બાદ તેણે કેટલીય ફિલ્મોમાં ઘણી બારિકી જોઈ છે.

એક ખાસ મુલાકાતમાં સોનાલી બેન્દ્રેએ કહ્યું કે, તેલુગુ સિનેમા હિન્દી સિને ઈન્ડસ્ટ્રી કરતા વધારે ઓર્ગેનાઈઝડ હોય એવું મને સ્પષ્ટ લાગે છે, આ પાછળના કારણ પણ હું તમને કહી શકું છું.એ સમયે તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બધુ વ્યવસ્થિત હતું.ત્યાં પહેલાથી જ કેટલીક સ્ક્રિપ્ટ તૈયાર રહેતી, સિન પહેલાથી જ પ્લાન કરેલા હતા. જ્યારે હિન્દી સિનેમામાં મેં એવી ફિલ્મોમાં પણ કામ કર્યું જ્યાં સેટ પર સ્ક્રિપ્ટ લખાતી હોય.બે ઈન્ડસ્ટ્રી વચ્ચે આ તફાવત મોટો છે. હા, ફૂડમાં પણ તફાવત છે. તેલુગુ ફિલ્મ કાયમ એક મોટા સ્કેલ પર તૈયાર થાય છે. એનું બજેટ, સ્કેલ, લેવલ અને સંપૂર્ણ પ્લાનિંગ ખૂબ જ મોટું હોય છે. આ કારણે તે હિન્દી ફિલ્મ કરતા અલગ પડે છે. આ પહેલા કાજલ અગ્રવાલે પણ કહ્યું હતું કે, હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કંઈ ટાઈમ પર થતું નથી.જ્યારે સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બધુ ટાઈમસર હોય છે. ફિલ્મ આગથી બોલિવૂડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એન્ટ્રી કરનારી એક્ટ્રેસે અનેક એવા મોટા બજેટની ફિલ્મમાં કામ કર્યું છે. તેલુગુ, તમિલ, કન્નડ અને મરાઠી ફિલ્મોમાં પણ કામ કર્યું છે. મુરારી, ઈન્દ્ર અને મનમધુડુ જેવી સુપરહિટ સાઉથની ફ્લમોમાં પણ તેણે કામ કર્યું છે. તાજેતરમાં તે વેબસિરીઝ રાખમાં જોવા મળી હતી. બોલિવૂડની સિનિયર એક્ટ્રેસ હવે પોતાની ચોઈસની ફિલ્મોને પસંદ કરી રહી છે. હાલમાં ખાસ કોઈ મોટા બજેટની ફિલ્મમાં જોવા ન મળતા ફિલ્મોથી તે અંતર બનાવી રહી હોય એવું લાગે છે.


# જીમ કેરી તેમજ ડ્વેન જોહ્ન્સનને સુપરસ્ટાર બનાવનાર દિગ્દર્શકનું નિધન: 74 વર્ષની વયે દુનિયાને કહ્યું અલવિદા

વોશિંગ્ટન

હોલીવુડના પ્રખ્યાત ફિલ્મ નિર્માતા અને દિગ્દર્શક ચાર્લ્સ "ચક" રેમન્ડ રસેલનું 74 વર્ષની વયે અચાનક નિધન થયું છે. 22 જુલાઈ, 2026 ના રોજ કેલિફોર્નિયાના સાન ડિએગો સ્થિત તેમના નિવાસસ્થાને તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. તેમની પત્ની અનિયા જેન અને વકીલે આ દુઃખદ સમાચારની સત્તાવાર પુષ્ટિ કરી છે.

જીમ કેરી, કેમેરોન ડિયાઝ અને ડ્વેન 'ધ રોક' જોહ્ન્સન જેવા કલાકારોની કારકિર્દીને નવી ઊંચાઈ આપનારા આ દિગ્દર્શકના અવસાનથી સમગ્ર વૈશ્વિક સિનેમા જગતમાં શોકની લહેર ફરી વળી છે.

મળતી માહિતી મુજબ, બુધવારે બપોરે સાન ડિએગો સ્થિત તેમના ઘરે એક વ્યક્તિ અચેતન અવસ્થામાં હોવાનો ઈમરજન્સી કોલ મળતાં જ તબીબી સેવાઓ અને ફાયર વિભાગની ટુકડી ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. તેમની પત્ની અનિયાએ જણાવ્યું કે ચકને ઘરની અંદર બેભાન જોઈને તરત જ 911 પર ફોન કરવામાં આવ્યો હતો. પેરામેડિક્સ દ્વારા તેમને પુનર્જીવિત કરવાના તમામ પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં તેઓ સફળ રહ્યા નહોતા. તેમના મૃત્યુનું ચોક્કસ કારણ હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી. પોતાના પતિના અચાનક નિધનથી આઘાતમાં સરેલી પત્ની અનિયા જેન પોતે પણ એક અભિનેત્રી છે. તેમણે અત્યંત ભાવુક બનીને કહ્યું, "ચક એક અદ્ભુત અને ઉમદા માણસ હતા. તેઓ મારા માટે બધું જ હતા." ચક રસેલે 2007 માં અનિયા સાથે બીજા લગ્ન કર્યા હતા, જ્યારે તેમની પ્રથમ પત્ની પટ્ટી રાવ હતી. ચક રસેલના પરિવારમાં તેમની પત્ની અનિયા, પ્રથમ પત્નીથી થયેલા 3 બાળકો (લોગન, રાયલી અને કાર્લિન), પૂર્વ પત્ની પટ્ટી રાવ અને બહેન એન જેકબનો સમાવેશ થાય છે.



### 268 રેટિંગ પોઈન્ટ સાથે ભારત ટોચ પર છે, જ્યારે ઓસ્ટ્રેલિયા 3જા અને ન્યુઝીલેન્ડ 4થા ક્રમે છે

# ICC T20 રેન્કિંગમાં ભારત ફરી નંબર-1, ઝિમ્બાબ્વે સામે શ્રેણી વિજય બાદ ઉથલપાથલ

મુંબઈ

ભારતીય ક્રિકેટ ટીમે ઝિમ્બાબ્વે સામે 3 મેચોની T20 સિરીઝમાં અજેય સરસાઈ મેળવી લીધી છે. શનિવારે હરારેમાં રમાયેલી 2 જી મેચમાં ભારતે 90 રનથી વિજય મેળવ્યો હતો. આ જીત સાથે જ ભારતે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) ની T20 ટીમ રેન્કિંગમાં ફરીથી પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરીને નંબર 1 નું સ્થાન મેળવી લીધું છે. ભારતે ઈંગ્લેન્ડને પાછળ છોડીને આ તાજ પાછો મેળવ્યો છે. 25 જુલાઈના રોજ અપડેટ થયેલા રેન્કિંગ મુજબ, ભારત અને ઈંગ્લેન્ડ બંનેના 268 રેટિંગ પોઈન્ટ છે, પરંતુ ભારતીય ટીમ પ્રથમ સ્થાને પહોંચી ગઈ છે અને ઈંગ્લેન્ડ 2 જા સ્થાને ખસી ગયું છે. ઉલ્લેખનીય છે કે, 11 જુલાઈએ T20 વર્લ્ડ કપ ચેમ્પિયન ભારતે પોતાનું નંબર 1 નું સ્થાન ગુમાવ્યું હતું. ICC ની હાલમાં T20 ટીમ રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયા 260 પોઈન્ટ સાથે 3 જા સ્થાને છે. જ્યારે ન્યૂઝીલેન્ડ 247 પોઈન્ટ સાથે 4 થા ક્રમે, સાઉથ આફ્રિકા 244 પોઈન્ટ સાથે 5 મા ક્રમે અને પાકિસ્તાન પણ 244 પોઈન્ટ સાથે છઠ્ઠા ક્રમે છે. યજમાન ઝિમ્બાબ્વે 202 પોઈન્ટ સાથે 12 મા સ્થાને છે. જો રવિવારે રમાનારી 3 જી અને અંતિમ મેચમાં ભારત જીતશે તો ટોચ પર તેની પકડ વધુ મજબૂત થશે. નોંધનીય છે કે ભારત વનડે રેન્કિંગમાં પણ ટોચ પર છે, જ્યારે ટેસ્ટ રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયા નંબર 1 અને ભારત 4 થા સ્થાને છે.



કેવી રહી બીજી T20 મેચ?

ઈશાન કિશન (81 રન) અને તિલક વર્મા (અણનમ 60 રન) ની તોફાની ઈનિંગ્સના જોરે ભારતે 20 ઓવરમાં 219/5 નો વિશાળ સ્કોર બનાવ્યો હતો. પ્લેયર ઓફ ધ મેચ ઈશાને 44 બોલનો સામનો કરીને 9 ચોગ્ગા અને 2 છગ્ગા ફટકાર્યા હતા. કેપ્ટન શ્રેયસ અય્યરે 25 રન, વૈભવ સૂર્યવંશીએ 20 અને અભિષેક શર્માએ 9 રન બનાવ્યા હતા. જવાબમાં ઝિમ્બાબ્વેની ટીમ 17.5 ઓવરમાં 129 રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી. ઝિમ્બાબ્વે માટે બ્રાયન બેનેટે 32 અને તાદિવાનાશે મારુમાનીએ 24 રન બનાવ્યા હતા. ભારત તરફથી અભિષેકે સૌથી વધુ 3 વિકેટ ઝડપી હતી, જ્યારે યશ ઠાકુર અને પ્રિન્સ યાદવે 2-2 વિકેટ લીધી હતી.

## શ્રીલંકા પ્રવાસ પહેલા ટીમ ઈન્ડિયા પર સંકટ

મુંબઈ

ભારતીય ક્રિકેટ ટીમ આગામી મહિને એટલે કે ઓગસ્ટમાં શ્રીલંકાના પ્રવાસે જઈને બે ટેસ્ટ મેચની સિરીઝ રમવાની છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) માટે ચિંતાજનક વાત એ છે કે, શ્રીલંકન પ્રવાસ પહેલા ટીમ ઈન્ડિયાના પાંચ ખેલાડીઓ ઈજાગ્રસ્ત થયા છે. આવી સ્થિતિમાં બીસીસીઆઈએ શ્રીલંકા સામેની સિરીઝ માટે કયા ખેલાડીઓને રમાડવા, તેની જાહેરાત કરી નથી. ભારત-શ્રીલંકા વચ્ચે 15 ઓગસ્ટે પ્રથમ ટેસ્ટ મેચ રમાશે. જોકે એકસાથે 5 ખેલાડીઓ ઈજાગ્રસ્ત થવાના કારણે ટીમ ઈન્ડિયાના કેપ્ટન શુભમન ગિલ (Shubman Gill) અને કોચ ગૌતમ ગંભીર (Gautam Gambhir)ની ચિંતા વધી ગઈ છે. આ સિરીઝ પહેલા ટીમ ફિટનેસ સંકટનો સામનો કરી રહી છે. ટેસ્ટ મેચ માટે વોશિંગ્ટન સુંદર, જસપ્રીત બુમરાહ અને સાઈ સુદર્શનની ફિટનેસને લઈને ચિંતાઓ ઊભી થઈ છે. જ્યારે હર્ષિત રાણા અને નીતિશ કુમાર રેડ્ડીને ટીમમાંથી બહાર કરવામાં આવ્યા છે. આમ ટીમમાં આ પાંચ ખેલાડીઓ ન હોવાના કારણે ટીમનું સંયોજન (ટીમ કોમ્બિનેશન) બગડતું જઈ રહ્યું છે. વોશિંગ્ટન સુંદર: ઈંગ્લેન્ડમાં વનડે સિરીઝ દરમિયાન જમણા પગની હેમસ્ટ્રિંગમાં ઈજા થવાના કારણે વોશિંગ્ટન સુંદર પહેલી ટેસ્ટમાંથી બહાર થઈ ગયા છે. બીજી ટેસ્ટમાં તેમની ઉપલબ્ધતા આગળના ફિટનેસ ટેસ્ટ પર નિર્ભર રહેશે. જસપ્રીત બુમરાહ: ઈંગ્લેન્ડમાં બીજી વનડે દરમિયાન ડાબા ઘૂંટણમાં ઈજા અને સોજો આવ્યા બાદ જસપ્રીત બુમરાહ પોતાની ફિટનેસ સાબિત કરવા માટે સમય સામે જંગ લડી રહ્યા છે. રિકવરી માટે સેન્ટર ઓફ એક્સેલન્સ (COE) માં રિપોર્ટ કરતા પહેલા તેઓ 30 જુલાઈ સુધી આરામ કરી રહ્યા છે.

### મલેશિયાના મોહમ્મદ અણિક 273kg વજન ઉઠાવી ગોલ્ડ મેળવ્યો

## કોમનવેલ્થ ગેમ્સ 2026: વેઈટલિફ્ટર રિષિકાંત સિંહે ભારતને અપાવ્યો પ્રથમ સિલ્વર મેડલ

નવી દિલ્હી

કોમનવેલ્થ ગેમ્સ 2026 માં ભારતે વેઈટલિફ્ટિંગમાં શાનદાર શરૂઆત કરી છે. મણિપુરના વેઈટલિફ્ટર રિષિકાંત સિંહે મેન્સ 60kg મુકાબલામાં શાનદાર પ્રદર્શન કરતા કુલ 264kg વજન ઉઠાવીને ભારત માટે આ ગેમ્સનો પ્રથમ સિલ્વર મેડલ જીતી લીધો છે. મલેશિયાના મોહમ્મદ અણિક બિન કસદાને કોમનવેલ્થ ગેમ્સના રેકોર્ડ સાથે કુલ 273kg વજન ઉઠાવીને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે. મેડલ વિજેતાઓની વિગતો ગોલ્ડ મેડલ: મલેશિયાના મોહમ્મદ અણિક બિન કસદાન (કુલ




273kg - CWG રેકોર્ડ). સિલ્વર મેડલ: ભારતના રિષિકાંત સિંહ (કુલ 264kg - સ્નેચ અને ક્લીન એન્ડ જર્ક મળીને 121+143). બ્રોન્ઝ મેડલ: કેન્યાના જોશુઆ અમુંગા મ્બોયા (કુલ 260kg - 115+145). ભારતના રિષિકાંત સિંહ ક્લીન એન્ડ જર્કના બીજા પ્રયાસમાં 148kg વજન ઉઠાવવામાં નિષ્ફળ રહ્યા હતા. અંતિમ પ્રયાસમાં તેમણે 151kg વજન પાર કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ સફળ ન થવાને કારણે તેમણે સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. કેન્યાના જોશુઆ અમુંગા મ્બોયાએ અંતિમ ક્લીન એન્ડ જર્ક લિફ્ટમાં 145kg વજન ઉઠાવીને શાનદાર રીતે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. આગામી મુકાબલા પર નજર

આજે દિવસના અંતિમ ભાગમાં સાંજે 6:45 વાગ્યે ઓલિમ્પિક પદક વિજેતા મીરાબાઈ ચાનુ પોતાના CWG ગોલ્ડ મેડલને ડિફેન્ડ કરવા માટે મેદાનમાં ઉતરશે.

# ભારતે ઝિમ્બાબ્વેને 35 રનથી હરાવ્યું: વ્હાઈટવોશ કર્યો

### વૈભવ સૂર્યવંશીએ 81 રન બનાવ્યા; મયંક યાદવને 3 વિકેટ

હરારે

ભારતે ઝિમ્બાબ્વેને ત્રીજી T20માં 35 રનથી હરાવીને સિરીઝ 3-0થી પોતાના નામે કરી લીધી. હરારેમાં ટીમ ઈન્ડિયાએ ટૉસ જીતીને પહેલા બેટિંગ કરતા 20 ઓવરમાં 5 વિકેટે 192 રન બનાવ્યા. જવાબમાં ઝિમ્બાબ્વેની ટીમ 7 વિકેટે 157 રન જ બનાવી શકી. ભારતની જીતનો હીરો વૈભવ સૂર્યવંશી રહ્યો. તેણે 49 બોલમાં 81 રનની ઈનિંગ રમી. બોલિંગમાં મયંક યાદવે 3 વિકેટ લીધી. યશ ઠાકુરને 2 વિકેટ મળી. ભારતની શરૂઆત સારી રહી નહોતી અને અભિષેક શર્મા 2 રન બનાવીને આઉટ થયો. ત્યારપછી વૈભવ અને ઈશાને




બીજી વિકેટ માટે 75 રન જોડીને ઈનિંગ્સ સંભાળી. ઈશાનના આઉટ થયા પછી વૈભવે કેપ્ટન શ્રેયસ અય્યર સાથે 50 રન જોડ્યા અને 31 બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી. ઝિમ્બાબ્વે તરફથી બ્રેડ ઈવાન્સને 2, તો બ્લેસિંગ મુઝરબાની, સિકંદર રઝા અને વેસ્લી મધેવેરેને 1-1 વિકેટ મળી.

193 રનને ચેઝ કરવા ઉતરેલી ઝિમ્બાબ્વેએ પહેલા જ બોલ પર વિકેટ ગુમાવી દીધી. મયંક યાદવે બ્રાયન બેનેટને પેવેલિયન ભેગો કરી દીધો. ટીમ માટે રયાન બર્લે સૌથી વધુ અણનમ 54 રન બનાવ્યા. ભારતે ત્રીજી T20માં ઝિમ્બાબ્વેને 35 રનથી હરાવીને ત્રણ મેચોની સિરીઝ 3-0થી પોતાના નામે કરી લીધી. 193 રનને ચેઝ કરતા ઝિમ્બાબ્વેની ટીમ 20 ઓવરમાં 7 વિકેટે 157 રન જ બનાવી શકી. રયાન બર્લે 43 બોલમાં 54 રન બનાવ્યા. ઝિમ્બાબ્વેને 18મી ઓવરના પહેલા જ બોલ પર છઠ્ઠો ઝટકો લાગ્યો. ઝડપી બોલર અશોક શર્માએ તદીવાનાશે મારુમાનીને બોલ્ડ કરીને પોતાની આંતરરાષ્ટ્રીય કારકિર્દીની પહેલી વિકેટ ઝડપી. મારુમાની 3 બોલમાં 1 રન બનાવીને આઉટ થયો. ઝિમ્બાબ્વેને 16મી ઓવરમાં પાંચમો ઝટકો લાગ્યો. મયંક યાદવે વેસ્લી મધેવેરેને ડીપ મિડવિકેટ પર તિલક વર્માના હાથે કેચ કરાવ્યો. 138 કિમી/કલાકની ઝડપે આવેલા શોર્ટ બોલ પર મધેવેરે પુલ શોટ રમવાના પ્રયાસમાં બોલને હવામાં ઉછાળી બેઠો. આ વખતે તિલકે કોઈ ભૂલ ન કરી અને સરળ કેચ ઝડપી લીધો. મધેવેરે 25 બોલમાં 28 રન બનાવીને આઉટ થયો.



### ભારતનું ક્રૂડ બાસ્કેટ 20 દિવસમાં 52% મોંઘું

# ફરી પેટ્રોલ-ડીઝલના ભાવ વધવાના એંધાણ

મુંબઈ

ભારતની ક્રૂડ ઓઈલની બાસ્કેટ 23 જુલાઈના રોજ વાધીને 103.33 ડોલર પ્રતિ બેરલ થઈ ગઈ છે, જે 3 જુલાઈના 68.21 ડોલરની સરખામણીએ 51.5% વધુ છે. જુલાઈના નીચા સ્તરે યુએસ-ઈરાન શાંતિ કરારની અપેક્ષાઓને કારણે ભાવમાં થોડો સમય ઘટાડો થયો હતો. તેના કારણે નુકસાન વેઠી રહેલી સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પર ફરીથી દબાણ શરૂ થયું છે. જેના કારણે ફરી એકવાર પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં વધારો ઝીંકવામાં આવે તેવી શક્યતાઓ વધી ગઈ છે. ઉલ્લેખનીય છે કે હાલમાં ભારતમાં ઈથેનોલ મિશ્રિત પેટ્રોલના ભાવ ઓલ રેડી 100 રૂપિયા પ્રતિ લિટરથી ઉપર




ચાલી રહ્યા છે અને જો હવે ફરી એકવાર વધારો કરવામાં આવશે તો પ્રજાને તકલીફ પડી શકે છે. તાજેતરનો ઉછાળો સપ્ટેમ્બરના કોન્ટ્રેક્ટ્સમાં જોવા મળી રહ્યો છે. જો આગામી થોડા અઠવાડિયા સુધી ક્રૂડના ભાવ ઊંચા રહેશે, તો તેની અસર બીજી અને ત્રીજી ત્રિમાસિક ગાળામાં ઓઈલ રિટેલર્સની નાણાકીય કામગીરી પર પડી શકે છે તેમ ઓઈલ માર્કેટિંગ કંપનીના સુત્રોએ જણાવ્યું હતું. 23 જુલાઈનો સ્તર જુલાઈના સરેરાશ 79.10 ડોલર પ્રતિ બેરલ કરતાં 30.6% વાધુ અને જૂનની સરેરાશ 83.22 ડોલર કરતાં 24.2% વધુ હતો. તે મે મહિનાના 106.23 ડોલર કરતાં માત્ર 2.7 % નીચો અને એપ્રિલના 114.48 ડોલર કરતાં 9.7% નીચો હતો.

શુક્રવારે ઓઈલ વાયદામાં 3% કરતાં વાધુનો ઘટાડો નોંધાયો હતો, પરંતુ લાલ સમુદ્રમાં ઊર્જાના પુરવઠામાં વાધી રહેલી અડચણો અને યુએસ-ઈઝરાયેલ તથા ઈરાન વચ્ચે વાધતા તણાવના ડર વચ્ચે તે સાપ્તાહિક ધોરણે મજબૂત વધારા તરફ આગળ વધી રહ્યો હતો.

### નાના રિટેલરોને મોટાપાયે નુકસાન પહોંચવાનો કરાયેલો દાવો

# ઈકોમર્સમાં નવી એફડીઆઈ નીતિ પાછી ખેંચવા ટ્રેડરોની માગણી

મુંબઈ

ઈન્વેન્ટરી આધારિત ઈકોમર્સમાં ડીપાર્ટમેન્ટ ઓફ પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ દ્વારા ફોરેન ડાયરેકટ ઈન્વેસ્ટમેન્ટ (એફડીઆઈ) ને મંજુરી અપાયા બાદ વેપારી સંસ્થાઓએ આ મંજુરી પાછી ખેંચવા માગણી કરી છે કારણ કે તેનાથી મોટા ઈકોમર્સ ખેલાડીઓને લાભ થવાની શકયતા રહેલી છે. જોકે આ પોલિસીનો અમલ કેવી રીતે કરાશે તે હજુ સ્પષ્ટ નથી. કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (કેઈટ) દ્વારા એક નિવેદનમાં જણાવાયું હતું કે આ નિર્ણયથી દેશના રિટેલ વેપારીઓ તથા નિકાસકારોને નુકસાન થશે. આ નિર્ણય એવા સમયે આવી પડયો છે જ્યારે અમેરિકા અને ભારત વચ્ચે વેપાર કરારને લઈને ચર્ચા ચાલી




રહી છે. સરકારે અમેરિકાના દબાણ આ નિર્ણય લીધો હોવાની પણ શંકા વ્યકત કરવામાં આવી હતી. વિદેશી કંપનીઓ દ્વારા આ નીતિનો દૂરુપયોગ થઈ શકે છે એટલું જ નહીં પૂરવઠા સાંકળ પર તેમનું નિયંત્રણ વધુ મજબૂત બની જશે એવો પણ દાવો કરવામાં આવ્યો છે. કેઈટના મહામંત્રી શંકર ઠક્કરે જણાવ્યું હતું કે, નીતિમાં ફેરબદલથી બહુરાષ્ટ્રીય ઈકોમર્સ કંપનીઓને લાભ કરી આપશે અને દેશના નિકાસકારો તથા નાના રિટેલરોના વેપારને ફટકો પાડશે. વિદેશની ઈકોમર્સ કંપનીઓમાં ભારતના એફડીઆઈ ધોરણો બાબતે લાંબા સમયથી ચર્ચા ચાલી રહી છે ત્યારે નવી નીતિ જાહેર કરવાનો સમય વેપાર સંસ્થાનોમાં ચિંતાની લાગણી ઊભી કરી રહ્યો છે. આનાથી નિકાસ વધશે તેવો સરકાર દાવો કરી રહી છે, પરંતુ અસરકારક સુરક્ષા વગર, વિદેશની ઈકોમર્સ કંપનીઓ આ છૂટછાટનો લાભ પોતાની બજાર સ્થિતિને મજબૂત બનાવવા માટે ઉઠાવશે એમ પણ શંકર ઠક્કરે એક નિવેદનમાં જણાવ્યું હતું, જેને પરિણામે ભારતના નાના રિટેલ વેપારીઓની સ્પર્ધાત્મકતા ઘટશે.

### ફંડ એકત્રીકરણ નવી સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યું

# જૂનમાં 8 કંપનીઓએ IPO થકી ₹4,700 કરોડ એકત્ર કર્યા

### કુલ ભંડોળ એકત્રીકરણ ₹3.15 લાખ કરોડની વિક્રમી સપાટીએ પહોંચ્યું. આ મે મહિનાની સરખામણીએ 122%નો ઉછાળો દર્શાવે છે, જે અત્યાર સુધીનો સૌથી વધુ માસિક રેકોર્ડ છે

મુંબઈ

ઈક્વિટી ઉપરાંત ઋણ સાધનો મારફત બજારમાંથી નાણાં ઊભા કરવાની માત્રા જૂનમાં નવી વિક્રમી સપાટીએ પહોંચી હતી. જૂન મહિનામાં પ્રારંભિક જાહેર ભરણાં (આઈપીઓ) માટેનું બજાર નરમ રહ્યું હોવા છતાં, ડેટ ઈશ્યુઅન્સના આધારે કુલ ફંડ એકત્રિકરણ રેકોર્ડ ઊંચાઈએ પહોંચ્યું હતું. ઈક્વિટી, ડેટ અને બિઝનેસ ટ્રસ્ટ્સ દ્વારા કુલ ભંડોળ એકત્રિકરણ વધીને રૂ. ૩.૧૫ લાખ કરોડ થયું હતું. જે માસિક ધોરણે ૧૨૨ ટકાનો ઉછાળો દર્શાવે છે. એનએસઈ માર્કેટ પલ્સ રિપોર્ટ અનુસાર, આ અત્યાર સુધીનો સૌથી વાધુ માસિક ફંડ એકત્રિકરણનો રેકોર્ડ છે. રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે આ વાધારો મુખ્યત્વે ડેટ ઈશ્યુઅન્સ દ્વારા સંચાલિત હતો, જે માસિક ૧૪૨ ટકા વાધીને રૂ. ૨.૫૯ લાખ કરોડ થયું હતું. જેને કમર્શિયલ પેપર્સ અને પ્રાઈવેટલી-પ્લેસ્ડ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (એનસીડી) દ્વારા ઉચ્ચ ફંડ એકત્રીકરણનું



સમર્થન મળ્યું હતું. ડેટ સેગમેન્ટમાં, વૃદ્ધિ ખાસ કરીને કમર્શિયલ પેપર્સના ઈશ્યુઅન્સને કારણે હતી, જે મે મહિનામાં રૂ. ૮૦,૪૧૦ કરોડ હતા તે જૂનમાં બમણાથી વાધુ વાધીને રૂ. ૧.૯ લાખ કરોડ થઈ ગયા હતા. આ જ સમયગાળા દરમિયાન, પ્રાઈવેટ એનસીડી ઈશ્યુઅન્સ વાધીને રૂ. ૬૯,૭૦૦ કરોડ થયા હતા, જે કોર્પોરેટ્સ તરફથી મજબૂત ફંડિંગ માંગ દર્શાવે છે. ઈક્વિટી સેગમેન્ટમાં કુલ ફંડ એકત્રીકરણ વાધીને રૂ. ૫૩,૦૦૦ કરોડ થયું હતું, જેનું મુખ્ય કારણ ઉચ્ચ પ્રેફરેન્શિયલ એલોટમેન્ટ્સ અને ક્વોલિફાઈડ ઈન્સ્ટીટયુશનલ પ્લેસમેન્ટ્સ (કયુઆઈપી) હતા. રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ્સ દ્વારા ફંડ એકત્રીકરણ રૂ. ૨,૦૦૦ કરોડ રહ્યું હતું, જે મે મહિનામાં રૂ. ૫,૦૦૦ કરોડ હતું. જૂનમાં મેઈનબોર્ડ અને એનએસઈ ના ઈનર્જ પ્લેટફોર્મ પર નાના અને મધ્યમ એન્ટરપ્રાઈઝિસ (એસએમઈ) માં રૂ. ૧,૯૦૦ કરોડના આઈપીઓ એકત્રીકરણ સાથે થોડો સુધારો જોવા મળ્યો હતો.

ઈક્વિટી સેગમેન્ટમાં, પ્રેફરેન્શિયલ એલોટમેન્ટ્સે ફંડ એકત્રિકરણમાં સૌથી વધુ યોગદાન આપ્યું હતું, જે વધીને રૂ. ૨૨,૫૦૦ કરોડ થયું હતું. સેકન્ડરી માર્કેટ ઓફર ફોર સેલના ઈશ્યુઅન્સ રૂ. ૨૧,૦૦૦ કરોડ રહ્યા હતા, જ્યારે કયુઆઈપી દ્વારા રૂ. ૭,૫૦૦ કરોડ એકત્ર કરાયા હતા.

# નવા સપ્તાહમાં સેન્સેક્સ 76822 ઉપર બંધ થતાં 77588 જોવાશે

- વૈશ્વિક અનિશ્ચિતતા અને અલ-નીનોના જોખમ વચ્ચે શેરબજારમાં ઉથલપાથલ જોવા મળી રહી છે

મુંબઈ

અનિશ્ચિતતાના દોરમાંથી વિશ્વ અત્યારે પસાર થઈ રહ્યું છે. ફરી ઈરાન-અમેરિકા યુદ્ધના મેદાનમાં આવીને હોર્મુઝ માર્ગે વેપાર અટકાવી દેવાના પ્રયાસો અને હોર્મુઝને બદલે જોખમી છતાં વૈકલ્પિક રાતા સમુદ્ર માર્ગે વેપાર કરનારાને પણ ઈરાન સમર્થિત હુથીઓ થકી બાનમાં લઈને સાઉદી અરેબિયાઅને એના થકી અમેરિકા સહિતના દેશો પરની ભીંસ વધારવાના પ્રયાસો થયા છે. જેનાથી ફરી ક્રુડ ઓઈલના ભાવ ૧૦૦ ડોલરની સપાટી ગત સપ્તાહે કુદાવી જતાં ભારત સહિતના દેશોની ચિંતા વધી છે. જો કે ઈરાન-અમેરિકા ફરી વાટાઘાટના ટેબલ પર પાછા આવશે એવા સપ્તાહના અંતે અહેવાલ વહેતા કરીને ક્રુડ ઓઈલમાં ઘટાડો લાવીને તેજીવાળાને ટ્રેપમાં લેવાયા છે. જ્યારે બીજી તરફ ટ્રમ્પે ફરી ટેરિફની તલવાર મ્યાનમાંથી કાઢીને ભારત, ચાઈના સહિત એશિયાના દેશો બાદ યુરોપના દેશો પર વિંઝવાનું ચાલુ કરી દેતાં અને ગુગલને દંડિત કરનાર યુરોપિયન યુનિયનને આડે હાથ લેતાં વિશ્વમાં ફફડાટ વ્યાપત થયો છે. ક્રુડની આગ, ડોલર સામે ભારતીય રૂપિયાના મૂલ્યમાં ધોવાણ અને ઘર આંગણે ચોમાસાની સારી પ્રગતિ બાદ હવે મહારાષ્ટ્ર, ગુજરાત સહિતમાં અતિવૃષ્ટિનું જોખમ અને અન્ય રાજ્યોની સ્થિતિને જોતાં અલ-નીનોનું જોખમ હજુ ઝળુંબી રહ્યું હોઈ આગામી દિવસોમાં આ પરિબળ પણ બજારના સેન્ટીમેન્ટને અસર કરશે.

## 'ટેક્સ કરોડોનો લ્યો છો તો રાહત કેમ નથી?'

# પોશ વિસ્તારના પાણીમાં ગરકાવ 'બોપલ'માં AMC મેયર ઘેરાયા..!: નાગરિકોનો પિત્તો ગયો

અમદાવાદ

સ્માર્ટ સિટી અમદાવાદના કહેવાતા અત્યંત પોશ અને મોંઘાદાટ વિસ્તાર એવા બોપલમાં સ્થિતિ વણસી ગઈ છે. સતત ભારે વરસાદના કારણે છેલ્લા ત્રણ-ત્રણ દિવસથી પાણીમાં ફસાયેલા રહીને નરકાગાર જેવી જિંદગી જીવવા મજબૂર બનેલા બોપલવાસીઓનો આક્રોશ આખરે જ્વાળામુખી બનીને ફાટી નીકળ્યો છે. પરિસ્થિતિની સમીક્ષા કરવા અને સાંત્વના આપવા પહોંચેલા અમદાવાદના મેયરને સ્થાનિક લોકોના ભયંકર વિરોધ અને ઘેરાવનો સામનો કરવો પડ્યો હતો.

બોપલ અને સાઉથ બોપલ જેવા હાઈ-ફાઈ વિસ્તારોમાં કરોડો રૂપિયાના ફ્લેટ અને સોસાયટીઓમાં રહેતા નાગરિકો માટે છેલ્લા 72 કલાક આફત સમાન સાબિત થયા છે. ત્રણ દિવસથી ઘરોમાં અને સોસાયટીના કમ્પાઉન્ડમાં ઘૂંટણસમાથી લઈને કમર સુધીના પાણી ભરાયેલા છે. લાઈટો ગુલ છે, પીવાના પાણીના વાંધા પડ્યા છે અને ઘરોમાં ખાવા-




પીવાની સામગ્રી ખૂટી પડી છે. તંત્ર દ્વારા કોઈ નક્કર રાહત સામગ્રી કે પાણી નિકાલની વ્યવસ્થા ન પહોંચતા લોકોનો રોષ સીમા વટાવી ગયો હતો.

જ્યારે મેયર અને મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમ પરિસ્થિતિનો તાગ મેળવવા બોપલ વિસ્તારની મુલાકાતે પહોંચી, ત્યારે લાઈટો વગર અને પાણીમાં ફસાયેલા રોષે ભરાયેલા રહેવાસીઓએ તેમને ઘેરી લીધા હતા. લોકોએ મેયર સામે સીધા સવાલો દાગ્યા હતા: 'અમે કરોડોના ટેક્સ ભરીએ છીએ, શું આ જ સ્માર્ટ સિટી છે?' 'ત્રણ દિવસથી નાનાં બાળકો અને વૃદ્ધો પાણીમાં ફસાયેલા છે, ત્યારે તંત્ર ક્યાં ઊંઘતું હતું?' 'દર વર્ષે પ્રી-મોન્સૂન કામગીરીના નામે કરોડો રૂપિયા ક્યાં વપરાય છે?'

સ્થાનિકોના રૌદ્ર રૂપ અને ભારે સૂત્રોચ્ચારને કારણે વાતાવરણ અત્યંત ગરમ થઈ ગયું હતું અને મેયર તથા તંત્રના અધિકારીઓ માટે પણ જવાબ આપવો મુશ્કેલ બની ગયો હતો.

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે પોશ વિસ્તારોમાં તંત્ર ઝડપથી કામ કરે છે, પરંતુ બોપલની વર્તમાન સ્થિતિએ મ્યુનિસિપલ કોર્પોરેશનના દાવોઓની હવા કાઢી નાખી છે. મહાપાલિકાના ડ્રેનેજ અને પમ્પિંગ સ્ટેશનો પાણીના નિકાલમાં સાવ નિષ્ફળ નિવડ્યા છે.

સોસાયટીઓના બેઝમેન્ટમાં પાણી ભરાઈ જવાથી ગાડીઓ ડૂબી ગઈ છે અને કરોડોનું નુકસાન થયું છે. હાલ બોપલના લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોની સ્પષ્ટ માગ છે કે હવે માત્ર પોકળ આશ્વાસનો નહીં, પણ તાત્કાલિક ધોરણે મોટા પંપ મૂકીને પાણીનો નિકાલ કરવામાં આવે અને વીજળી-પાણી પુરવઠો યથાવત કરવામાં આવે. જો તંત્ર હજુ પણ નહીં જાગે તો આવનારા દિવસોમાં આ વિરોધ વધુ ઉગ્ર બને તેવા પૂરેપૂરા એંધાણ છે.

## બાવળામાં ભારે વરસાદ વચ્ચે ભયાનક દ્રશ્યો

# પાણીના ધસમસતા પ્રવાહમાં તણાઈ કાર : જીવ બચાવવા લોકોએ માર્યો કૂદકો!

અમદાવાદ/બાવળા

અમદાવાદ જિલ્લામાં અવિરત પડી રહેલા ધોધમાર વરસાદને કારણે ચારેય તરફ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. દરમિયાન બાવળા નજીકથી એક હૃદયધબકારા વધારી દેતી ઘટના સામે આવી છે. ભારે વરસાદના કારણે રસ્તા પર વહેતા પાણીના રોદ્ર અને ધસમસતા પ્રવાહમાં એક કાર તણાવા લાગી હતી. કારમાં સવાર લોકોએ ક્ષણભરનો પણ વિલંબ કર્યા વગર પોતાનો જીવ બચાવવા કારમાંથી બહાર કૂદકો માર્યો હતો, જેને જોઈને આસપાસના લોકોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા.

મળતી વિગતો મુજબ, બાવળા વિસ્તારમાં પાણીનો ભરાવો એટલી હદે વધી ગયો હતો કે રસ્તો અને નાળું ઓળખવા મુશ્કેલ બની ગયા હતા. કારચાલકે પાણીમાંથી ગાડી પસાર કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પાણીનો પ્રવાહ એટલો તેજ હતો કે જોતજોતામાં આખી કાર રમકડાની જેમ પાણીમાં વહેવા લાગી હતી. સ્થિતિ ગંભીર બનતા જ કારમાં સવાર લોકોએ સમયસૂચકતા વાપરીને ચાલુ પ્રવાહમાં બહાર કૂદી જઈ પોતાનો જીવ બચાવ્યો હતો.



હવામાન વિભાગની ધોધમાર વરસાદની આગાહી વચ્ચે જિલ્લા વહીવટી તંત્રે લોકોને અપીલ કરી છે કે પાણીના ભારે પ્રવાહ વાળા રસ્તા કે અંડરપાસમાંથી વાહન પસાર કરવાનું સાહસ ન કરવું. રસ્તા પર પાણી ભરાયા હોય તો વાહન હંકારવાનું ટાળો. પુલ કે નાળા પરથી પાણી વહેતું હોય ત્યારે સાહસ ન કરો. કટોકટીની સ્થિતિમાં સ્થાનિક તંત્રનો સંપર્ક કરો.

## કથિત બિલ્ડરે મહિલાને 25 લાખમાં ફ્લેટ અપાવવાનું કહી પૈસા પડાવ્યા

# સાયન્સ સિટીમાં સસ્તામાં ફ્લેટ આપવાના નામે11 લાખની છેતરપિંડી

### નાણાં મળ્યા બાદ બિલ્ડરે 6 મહિનામાં મકાનનું પઝેશન આપવાની ખાતરી આપી હતી, પરંતુ સમયમર્યાદા પૂરી થયા પછી પણ પઝેશન આપ્યું નહોતું...!

અમદાવાદ

અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં રહેતા મહિલાને સાયન્સ સિટીમાં રૂ. 25 લાખમાં ફ્લેટ અપાવવાનું વચન આપી એક કથિત બિલ્ડરે રૂ. 11 લાખ પડાવી લીધા છે. આ મામલે કંચનબેન કુરાનીએ સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. નોંધનીય છે કે આરોપી વિરમસિંહ રાઠોડ વિરુદ્ધ અગાઉ સરકારી આવાસ યોજનાના લાભાર્થીઓ સાથે છેતરપિંડી કરવાની ફરિયાદો પણ નોંધાઈ ચૂકી છે.



ફરિયાદ મુજબ, ત્રણ વર્ષ અગાઉ કંચનબેનના એક ઓળખીતાએ તેમના ઘરે આવીને સાયન્સ સિટી સ્થિત હેતાર્થ પાર્ટી પ્લોટ પાસેની સ્કીમમાં રોકાણ કરવાની વાત કરી હતી. કંચનબેન ઓછા ભાવે ફ્લેટ લેવા સહમત થતાં તેમનો સંપર્ક વિરમસિંહ રાઠોડ સાથે કરાવવામાં આવ્યો હતો. વિરમસિંહે પોતાની ઓળખ બિલ્ડર તરીકે આપીને નવરચિત સ્કીમનું બ્રોશર બતાવી રૂ. 25 લાખમાં ફ્લેટ આપવાનું નક્કી કર્યું હતું.

કંચનબેને શરૂઆતમાં ટોકન પેટે રૂ. 1 લાખ આપ્યા હતા અને ત્યારબાદ કટકે-કટકે કુલ રૂ. 11 લાખ ચૂકવી દીધા હતા.

નાણાં મળ્યા બાદ વિરમસિંહે છ મહિનામાં મકાનનું પઝેશન આપવાની ખાતરી આપી હતી, પરંતુ સમયમર્યાદા પૂરી થયા પછી પણ પઝેશન આપ્યું નહોતું અને સંતોષકારક જવાબ આપવાનું બંધ કરી દીધું હતું. પઝેશન ન મળતાં તપાસ કરતા કંચનબેનને જાણવા મળ્યું હતું કે આરોપી વિરમસિંહ સામે અગાઉ પણ સરકારી આવાસ યોજના હેઠળ મકાનો અપાવવાના બહાને નાણાં હડપ કરવાની ફરિયાદો દાખલ થયેલી છે. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં કંચનબેને સોલા પોલીસનો સંપર્ક કરી ગુનો નોંધાવ્યો છે.

# રામોલમાં વરસાદી પાણીમાં ડૂબી જતાં કિશોરનું મોત, અન્ય એકની હાલત ગંભીર

અમદાવાદ

અમદાવાદના રામોલમાં AMCની ઘોર બેદરકારી સામે આવી છે. બે દિવસ પહેલા પડેલા વરસાદના પાણીનો નિકાલ ન થતા, 13 વર્ષના બે કિશોરો નહાવા પડ્યા હતા. વડુ તળાવ નજીક રોડ સાઈડના પાણીમાં ડૂબી જવાથી એક બાળકનું મોત થયું છે. જ્યારે બીજો કિશોર સિવિલ હોસ્પિટલના ICUમાં ગંભીર હાલતમાં સારવાર લઈ રહ્યો છે. રામોલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. રામોલમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ઘોર બેદરકારી સામે આવી છે. વરસાદી પાણીનો સમયસર નિકાલ ન કરાયો હોવાથી 13 વર્ષના બે કિશોર પાણીમાં નહાવા પડ્યા હતા. જેમાં એક બાળકનું ડૂબી જવાથી મોત થયું છે. જ્યારે એક કિશોરને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયો છે. જે ગંભીર હાલતમાં આઈસીયુમાં સરવાર લઈ રહ્યો છે. રામોલમાં રામોલ ગામથી રિંગ રોડ ઉપર જવાના રસ્તો બે દિવસ પહેલા પડેલા ભારે વરસાદના પાણી ભરાયા હતા. જેમાં ખાસ કરીને વડુ તળાવ નજીક રોડની બાજુમાં ભારે માત્રામાં વરસાદી પાણી ભરાયેલા હતા, જેમાં ત્યાં નજીકમાં આવેલી પુષ્પમ હાઈટ્સમાં રહેતા 13 વર્ષના બે કિશોર આ પાણીમાં નહાવા પડ્યા હતા. સ્થાનિક રહાશોએ સાંજે 6 વાગે ફાયર બ્રિગેડને જાણ કરી હતી જો કે ફાયર બ્રિગેડની જશોદાનગરની ટીમ પહોંચી તે પહેલા સ્થાનિક તરવૈયાઓએ બાળકોને બહાર કાઢ્યા હતા.

## અમદાવાદ સિવિલ હોસ્પિટલના તબીબોનો કમાલ

# દર્દીની શ્વાસનળીમાં દોઢ વર્ષથી ફસાયેલો દાંત માત્ર 2 મિનિટમાં સફળતાપૂર્વક બહાર કાઢ્યો

અમદાવાદ

અમદાવાદ સિવિલ હોસ્પિટલના તબીબોએ ફરી કમાલ કરી છે. પંચમહાલના 47 વર્ષીય બળવંતની શ્વાસનળીમાં દોઢ વર્ષથી ફસાયેલો દાંત માત્ર 2 મિનિટમાં સફળતાપૂર્વક બહાર કાઢી નવજીવન આપ્યું. પાણી પીતી વખતે દાંત શ્વાસનળીમાં જતો રહ્યો હતો. પલ્મોનરી મેડિસીન, ENT અને એનેસ્થેસિયા વિભાગના સંયુક્ત પ્રયાસથી આ દુર્લભ કેસમાં સફળતા મળી. અમદાવાદ સિવિલ હોસ્પિટલના નિષ્ણાત તબીબોએ ફરી એકવાર ઉત્કૃષ્ટ કૌશલ્ય અને અદ્ભુત ટીમવર્કનો પરિચય આપતાં જટિલ કેસમાં સફળતા મેળવી છે. પંચમહાલ જિલ્લાના 47 વર્ષીય દર્દી બળવંતની શ્વાસનળીમાં આશરે દોઢ વર્ષથી ફસાયેલો દાંત માત્ર 2 મિનિટમાં સફળતાપૂર્વક બહાર કાઢીને તબીબોએ તેને નવજીવન આપ્યું છે. દર્દી બળવંતના જણાવ્યાનુસાર, આશરે દોઢ વર્ષ પહેલાં તેમનો એક દાંત



આપોઆપ પડી ગયો હતો અને પાણી પીતી વખતે અજાણતા જ શ્વાસનળીમાં જતો રહ્યો હતો. જેના કારણે છેલ્લા એક મહિનાથી તેમને સતત ઉધરસ અને શ્વાસ લેવામાં ગંભીર તકલીફ થઈ રહી હતી. તકલીફ વધતાં દર્દીને 20મી જુલાઈ 2026ના રોજ અમદાવાદ સિવિલ હોસ્પિટલના પલ્મોનરી મેડિસીન વિભાગમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તબીબી તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે, આ દાંત શ્વાસનળીની એક શાખામાં ઊંડે સુધી ફસાયેલો હતો. કેસની ગંભીરતાને ધ્યાને રાખી પલ્મોનરી મેડિસીન, કાન-નાક-ગળા (ENT) અને એનેસ્થેસિયા વિભાગના તબીબોએ સંયુક્ત સારવાર યોજના તૈયાર કરી હતી. ત્યારબાદ 23મી જુલાઈના રોજ ઓપરેશન થિયેટરમાં અદ્યતન બ્રોન્કોસ્કોપિક ટેકનીકની મદદથી આ દાંતને માત્ર 2 મિનિટમાં જ સફળતાપૂર્વક બહાર કાઢવામાં આવ્યો હતો.

# અમદાવાદના જમાલપુરમાં ADC બેન્ક દ્વારા સાયબર ક્રાઇમ જાગૃતિ કાર્યક્રમ યોજાયો



અમદાવાદ

આજના ડિજિટલ યુગમાં વધતા જતા સાયબર ફ્રોડ અને ઓનલાઈન ઠગાઈના કિસ્સાઓ સામે લોકોને જાગૃત કરવાના હેતુથી, અમદાવાદ શહેરના જમાલપુર વિસ્તારમાં આવેલી ADC બેન્ક દ્વારા એક ખાસ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ખાસ કરીને સિનિયર સિટીઝન્સ અને યુવાનોને હાલમાં ચાલી રહેલા વિવિધ સાયબર ક્રાઈમ, ઓનલાઈન ફ્રોડની પદ્ધતિઓ અને તેનાથી બચવાના ઉપાયો વિશે સરળ ભાષામાં વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. આ ઉપરાંત, સાયબર સુા અને જાગૃતિ અંગેની ખાસ માહિતીસભર *માર્ગદર્શિકા (ચોપડી)*નું પણ ઉપસ્થિત લોકોમાં વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ADC બેન્કના મેનેજર તુષારસિંહ જાદવ, બેન્કના અન્ય ઉચ્ચ અધિકારીઓ તથા સમગ્ર સ્ટાફ પરિવાર ખાસ ઉપસ્થિત રહ્યો હતો. સાથે જ સ્થાનિક સામાજિક કાર્યકર્તા બંટી સુરેશભાઈ ચૌહાણ (સરગરા) તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો અને આમ જનતાએ હાજરી આપી આ જાગૃતિ અભિયાનને સફળ બનાવ્યું હતું.

આજના સમયમાં ઓનલાઈન નાણાકીય વ્યવહારો કરતી વખતે કેવી સાવચેતી રાખવી અને સાયબર ફ્રોડનો ભોગ બનતા કેવી રીતે અટકવું, તે અંગે બેન્ક સત્તાધીશો દ્વારા આપવામાં આવેલી માહિતીને સ્થાનિક લોકો અને સિનિયર સિટીઝન્સે ખૂબ બિરદાવી હતી.


## 26 જુલાઈ સુધી પ્રવેશ કન્ફર્મ કરાવી શકશે

# PG એન્જિનિયરિંગ માટે પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ જાહેર : 1,317 વિદ્યાર્થીઓને બેઠક ફાળવાઈ

- **સરકારી કોલેજો: 749 બેઠકોમાંથી 494 બેઠકો ફાળવાઈ**
- **અનુદાનિત/સ્વાયત્ત સંસ્થાઓ: 429 બેઠકોમાંથી 202 બેઠકો ફાળવાઈ**
- **ખાનગી (સ્વનિર્ભર) કોલેજો: 2888 બેઠકોમાંથી 621 બેઠકો ફાળવાઈ**

અમદાવાદ

રાજ્ય સરકારના ટેકનિકલ શિક્ષણ વિભાગ હેઠળ કાર્યરત 'એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ' (ACPC) દ્વારા અનુસ્નાતક ઈજનેરી (PG Engineering) અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેના પ્રથમ રાઉન્ડનું સીટ એલોટમેન્ટ (બેઠક ફાળવણી) જાહેર કરી દેવામાં આવ્યું છે. આ રાઉન્ડ અંતર્ગત રાજ્યભરની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર સંસ્થાઓમાં કુલ 1317 વિદ્યાર્થીઓને




બેઠકો ઓફર કરવામાં આવી છે.

રાજ્યની વિવિધ એન્જિનિયરિંગ કોલેજોમાં કુલ 5244 બેઠકો ઉપલબ્ધ છે, જેમાંથી ACPC હસ્તકની 4312 બેઠકો પર પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ બેઠકો માટે કુલ 1935 વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી. જેમાં GATE લાયકાત ધરાવતા ૧૫૪ ઉમેદવારો અને GATE વગરના 1781 ઉમેદવારોનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, GATE સિવાયના ઉમેદવારો માટે 27 અને 28 જૂનના રોજ PGCET-2026 પરીક્ષા યોજાઈ હતી. આ બંને પરીક્ષાઓના ગુણના આધારે કુલ 1688 વિદ્યાર્થીઓનું મેરિટ લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું હતું, જેમાં નિયમાનુસાર GATE ક્વોલિફાઈડ ઉમેદવારોને પ્રવેશમાં પ્રાથમિકતા આપવામાં આવી હતી.

પ્રથમ રાઉન્ડમાં બેઠક મેળવનાર વિદ્યાર્થીઓએ પોતાના પ્રવેશને આખરી કરવા માટે 26 જુલાઈ સુધીમાં ઓનલાઈન ટોકન ટ્યુશન ફી ભરી દેવાની રહેશે.

જે વિદ્યાર્થીઓ પ્રથમ રાઉન્ડમાં મળેલી બેઠકથી અસંતોષ ધરાવતા હોય અને વધુ પસંદગીની સંસ્થા કે બ્રાન્ચમાં પ્રવેશ મેળવવા માંગતા હોય, તેઓ બીજા રાઉન્ડમાં ભાગ લઈ શકશે. પ્રથમ રાઉન્ડ બાદ ખાલી રહેલી બેઠકો માટે બીજા રાઉન્ડમાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ 27થી 29 જુલાઈ દરમિયાન ઓનલાઈન સંમતિ (Consent) આપવાની રહેશે અને નવી ચોઈસ ફિલિંગ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

# 108 ટીમે ધોળકામાં વૃદ્ધાનો જીવ બચાવ્યો : સ્પાઇન બોર્ડની મદદથી કાંતાબેનને સુરક્ષિત રીતે એમ્બ્યુલન્સમાં બેસાડીને હોસ્પિટલમાં એડમિટ કરાયા



અમદાવાદ

અમદાવાદ જિલ્લાના ધોળકાના કલિકુંડ વિસ્તારમાં ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. આ સ્થિતિ વચ્ચે 108 ઈમરજન્સી સેવાએ 79 વર્ષીય વૃદ્ધાનો જીવ બચાવ્યો હતો. તેમની સમયસરની કામગીરીના કારણે વૃદ્ધાને સુરક્ષિત રીતે હોસ્પિટલ પહોંચાડી શકાયા હતા. કલિકુંડ વિસ્તારની શેત્રુંજય સોસાયટીમાં ચોતરફ પાણી ભરાયા હતા. આ દરમિયાન, સોસાયટીમાં રહેતા 79 વર્ષીય કાંતાબેન ભગવાનભાઈ પટેલને અચાનક ચક્કર આવતા તેઓ ભરાયેલા પાણીમાં ઢળી પડ્યા હતા. પરિવારે તુરંત 108 ઈમરજન્સી સર્વિસનો સંપર્ક કર્યો હતો. ઘટનાની જાણ થતાં જ 108 ની ટીમ તાત્કાલિક કલિકુંડ પહોંચી હતી. જોકે, સોસાયટી તરફ જતા રસ્તાઓ પર કમરછાટ પાણી ભરાયેલા હોવાથી એમ્બ્યુલન્સ દર્દીના ઘર સુધી પહોંચી શકી ન હતી. આ મુશ્કેલ પરિસ્થિતિમાં EMT નાગજીભાઈ, પાયલોટ વનરાજસિંહ અને અનિરુદ્ધસિંહની ટીમે પાણીમાં ચાલીને વૃદ્ધાના ઘર સુધી પહોંચવાનો નિર્ણય કર્યો. તેમણે સ્પાઇન બોર્ડની મદદથી કાંતાબેનને સુરક્ષિત રીતે ઉંચકી લીધા અને પાણીના પ્રવાહ વચ્ચેથી ચાલીને એમ્બ્યુલન્સ સુધી પહોંચાડ્યા.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI